# ફેબ્રુઆરી

## ૨૦૨૩

## તમામ માહિતી સાથે

Most IMP
Current Affairs

www.crackgpsc.com

12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...

## અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં

લાખો વિદ્યાર્થીઓએ વખાણી
**Quality એટલે Crack GPSC**

## ઘરે બેઠાં તૈયારી કરો, મોબાઈલ કે ટેબ્લેટ પરથી

આ એપ ડાઉનલોડ કરી
ફ્રી ડેમો વિડિયો જુઓ,
આપને ખરેખર લાગશે કે
કોઈ ક્લાસ કરવાની જરૂર જ નથી.

કલાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




YouTube /Crack GPSC

## એક એપ, બધી પરીક્ષાઓ

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, કલાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

## કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

## ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

76000 51070

ક્રેક GPSC

કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ

2021 - 22 ની પરીક્ષાઓમાં
કરન્ટ અફેર્સ

PSI
100 %

બિન
સચિવાલય
100 %

Dy. SO
48 માંથી
44 પ્રશ્નો

સિનિયર કલર્ક
100 %

ATDO
100 %

GPSC
ક્લાસ 1, 2
2023

54
પ્રશ્નો

સીધા Crack GPSC માંથી જ

સરકારી નોકરીની તૈયારી કરવા આજે જ ડાઉનલોડ કરો.

સ્પર્ધાત્મક પરીક્ષા ક્ષેત્રે
5,00,000+
યુઝર્સ ધરાવતી ગુજરાતની પ્રથમ એપ

7600051070

ગુજરાતની No. 1 એપ
CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - Dy. SO / મામલતદાર
બિનસચિવાલય કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ
RFO | TAT | TET | HTAT

# ✱ 1 ફેબ્રુઆરી - 2023 ✱

## ✱ ત્રિશક્તિ પ્રહાર સૈન્ય અભ્યાસ.

⇒ ભારતીય સેના ઉત્તર બંગાળમાં સંયુક્ત પ્રશિક્ષણ અભ્યાસ 'ત્રિશક્તિ પ્રહાર'નું આયોજન કર્યું.

⇒ આ અભ્યાસનો ઉદ્દેશ્ય સેના, ભારતીય વાયુ સેના અને CAPF ને સામેલ કરતા એક નેટવર્કને એકીકૃત કરી નવીનતમ હથિયારો અને ઉપકરણોના ઉપયોગ કરી સુરક્ષા દળોની યુદ્ધ શક્તિ વધારવાનો છે.

⇒ અભ્યાસનું સમાપન તીસ્તા ફીલ્ડ ફાયરિંગ રેન્જમાં એકીકૃત અગ્નિ શક્તિ અભ્યાસ સાથે થયું.

## ✱ વિશ્વ આંતરધાર્મિક સદ્ભાવ સપ્તાહ.

⇒ વિશ્વ આંતરધાર્મિક સદ્ભાવ સપ્તાહ ફેબ્રુઆરી માસના પ્રથમ સપ્તાહમાં વર્ષ 2010થી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મનાવવામાં આવે છે.

⇒ આ સપ્તાહનો ઉદ્દેશ્ય લોકો વચ્ચે સદ્ભાવ વધારવાનો તથા આંતરધાર્મિક સંવાદ વધારવાનો છે.

⇒ આ સપ્તાહની શરૂઆત એચ. એમ. કિંગ અબ્દુલ્લા દ્વિતિય અને એચ. આર. એચ. પ્રિંસ ગાઝી બિન મુહમ્મદે કરી હતી.

## ✱ UAE ના અલ મિનહાદનું નવું નામ - હિંદ શહેર.

⇒ સંયુક્ત આરબ અમીરાતના ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી શેખ મોહમ્મદ બિન રાશિદ અલ મક્તૂમે અલ મિનહાદ જિલ્લો અને તેની આસપાસના વિસ્તારનું નામ બદલી 'હિંદ શહેર' કર્યું.

⇒ આ શહેર 83.9 ચો.કિમીના ક્ષેત્રમાં ચાર ભાગમાં ફેલાયેલું છે.

⇒ હિંદ શહેરમાં અમીરાત રોડ, દુબઈ-અલ એન રોડ અને જેબેલ અલી-લહબાબ રોડ સહિત મહત્ત્વના રસ્તાઓ છે.

⇒ UAE ના રાષ્ટ્રપતિ = મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન
UAE ની રાજધાની = અબૂ ધાબી.

## ✱ ભારતીય પુરુષ હોકી ટીમ કોચ ગ્રાહમ રીડનું રાજીનામું.

⇒ ગ્રાહમે 2019માં પદ સંભાળ્યા બાદ 2021ના ટોકિયો ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ મેળવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

⇒ તાજેતરમાં રમાયેલી મેચમાં થયેલા ખરાબ પ્રદર્શનનું કારણ આગળ મૂકી તેમણે હોકી ઈન્ડિયાના અધ્યક્ષ દિલીપ ટિર્કીને રાજીનામું આપ્યું.

(*) સમતાકુંભ - તેલંગાણા.

⇒ તેલંગાણાના મુચિંતલ ખાતે સમતા પ્રતિમા પરિસરમાં સમતાકુંભ આયોજિત થશે.

⇒ 2022માં પ્રધાનમંત્રી મોદીએ તેલંગાણામાં સમતા મૂર્તિ પ્રતિષ્ઠાનું ઉદ્ઘાટન કર્યું હતું.

⇒ આ મૂર્તિ રામાનુજાચાર્યની છે.

(*) દક્ષિણ આફ્રિકાથી 100થી વધુ ચિત્તા ભારત લવાશે.

⇒ દક્ષિણ એશિયાઈ દેશોમાં સ્પૉટેડ બિલાડીઓ (ચિત્તા)ના પુનર્વસનના મહત્વકાંક્ષી પ્રોજેક્ટના ભાગરૂપે 100થી વધુ ચિત્તા ભારત લવાશે.

⇒ અગાઉ નામિબિયાથી આઠ ચિત્તા ભારત લાવવામાં આવ્યા છે.

⇒ ભારત એક સમયે એશિયાઈ ચિત્તાનું વસવાટ સ્થળ હતું પરંતુ 1952 બાદ તે લુપ્ત થયા.

G crack GPSC

——— * ——— * ——— * ———

## /// કરન્ટ ઈન શોર્ટ ///

(*) સંઘ લોક સેવા આયોગે ભારતના DCGI (Drugs Controller General of India)ના અધ્યક્ષ તરીકે ડૉ. રાજીવ સિંહ રઘુવંશીની નિમણૂંક કરી.

(*) બ્રિટિશ અર્થશાસ્ત્રી મેઘનાદ દેસાઈનું પુસ્તક 'ધ પોવર્ટી ઓફ પોલિટિકલ ઈકોનોમી: હાઉ ઈકોનોમિક્સ એબંડન ધ પુઅર'નું વિમોચન કરાયું.

(*) 1 ફેબ્રુઆરી - ભારતીય તટરક્ષક (Coast Guard) દિવસ.
- 2023માં 46મો સ્થાપના દિવસ, આદર્શ વાક્ય 'હમ રક્ષા કરતે હૈ'

(*) મધ્યપ્રદેશની શિવરાજ સિંહ ચૌહાણ સરકાર ગરીબ અને મધ્યમ વર્ગની બહેનો 'લાડલી બહેના' યોજના હેઠળ પ્રતિમાસ રૂ. 1000 આપશે.

# ✱ 2 ફેબ્રુઆરી-2023 ✱

## ✱ જી૨૦ સસ્ટેનેબલ ફાયનાન્શિયલ વર્કિંગ ગ્રુપની પ્રથમ બેઠક.

⇒ ભારતની જી૨૦ અધ્યક્ષતા હેઠળ, સસ્ટેનેબલ ફાયનાન્સિયલ વર્કિંગ ગ્રુપની પ્રથમ બેઠક ગુવાહાટીમાં શરૂ થઈ.

⇒ બેઠકનો મુખ્ય એજન્ડા જલવાયુ પરિવર્તન, સતત વિકાસ અને સંપૂર્ણ પારિસ્થિતિકી તંત્રનું નિર્માણ કરવું.

⇒ બેઠકની થીમ = વન અર્થ, વન ફેમિલી, વન ફ્યૂચર.

⇒ આદર્શ વાક્ય = વસુધૈવ કુટુમ્બકમ.

## ✱ ભમરીના નવા જિન્સ 'સોલિગા ઈકારિનાટા' ની શોધ થઈ.

⇒ કર્ણાટકના બિલિગિરિ રંગન પર્વતોમાં આ શોધ થઈ.

⇒ અશોકા ટ્રસ્ટ ફોર રિસર્ચ ઈન ઈકોલોજી એન્ડ ધ એનવાયરનમેન્ટના એન્ટોમોલોજિસ્ટ આ શોધ કરી.

⇒ ચામરાજનગર પર્વત અને મલેમહાદેશ્વરા પર્વતમાં રહેતા સ્વદેશી સમુદાયના નામ પરથી તેનું નામ રાખવામાં આવ્યું.

⇒ આ ભમરી (હિન્દીમાં તતૈયા), ડાર્વિન તતૈયા પરિવાર 'ઈચન્યુમોનિડે' ના ઉપપરિવાર મેટોપિનાઈ સાથે સંબંધ ધરાવે છે.

## ✱ કેન્દ્રીય બજેટમાં અમલમાં મુકાયેલ - MISTI યોજના.

⇒ વર્ષ 2023ના કેન્દ્રીય બજેટમાં મેન્ગ્રવના વૃક્ષારોપણના હેતુથી MISTI (મેન્ગ્રોવ ઈનિશિએટિવ ફોર શોરલાઈન હેબિટેટ્સ એન્ડ ટેન્જિબલ ઈનકમ્સ) યોજના અમલમાં મુકી.

⇒ આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય સમુદ્ર કિનારા વિસ્તારમાં મેન્ગ્રવના વૃક્ષારોપણનો છે. અને તે સાથે જ હાલના મેન્ગ્રવના વૃક્ષોને સંરક્ષિત પણ કરવામાં આવશે.

⇒ MISTI ને CAMPA ફંડ, MGNREGS અને અન્ય સ્ત્રોતોને જોડીને લાગૂ કરાશે.

⇒ ઈન્ડિયા સ્ટેટ ફોરેસ્ટ રિપોર્ટ ૨૦21 અનુસાર મેન્ગ્રવ કુલ ભારતીય ભૌગોલિક ક્ષેત્રના 0.15% વિસ્તારમાં (4992 ચો.km) માં છે.

⇒ મેન્ગ્રવની બાબતમાં પશ્ચિમબંગાળ (42.45%) પ્રથમ અને ગુજરાત બીજા સ્થાને છે.

## [*] 2 ફેબ્રુઆરી - World Wetlands Day (વિશ્વ આર્દ્રભૂમિ દિવસ).

⇒ 1971માં 2 ફેબ્રુઆરીએ ઈરાનના રામસર શહેર ખાતે આયોજિત આર્દ્રભૂમિ (વેટલેન્ડ) સંમેલનની યાદમાં આ દિવસ મનાવાય છે.

⇒ આ દિવસ પ્રથમવાર 1997માં મનાવાયો હતો. આ દિવસનો ઉદ્દેશ્ય આર્દ્રભૂમિમાં થઈ રહેલા નિરંતર નુકશાનને ઘટાડવાનો છે.

⇒ આર્દ્રભૂમિ કાર્બન ડાયોક્સાઈડને અવશોષિત કરી વૈશ્વિક તાપમાનને ઘટાડવાનું કામ કરે છે.

⇒ હાલ ભારતમાં 13,26,677 હેક્ટર વિસ્તાર સાથે 75 સ્થળો રામસર સાઈટ (આર્દ્રભૂમિ વિસ્તાર/વેટલેન્ડ સાઈટ) જાહેર કર્યા છે.

⇒ વર્તમાનમાં વિશ્વમાં 2400થી વધુ રામસર સાઈટ છે જે 2.5 મિલિયનવર્ગ કિમીનો વિસ્તાર ધરાવે છે.

⇒ વિશ્વની પ્રથમ સાઈટ = કોબર્ગ પ્રાયદ્વીપ (ઓસ્ટ્રેલિયા) - 1974માં.

⇒ વિશ્વની સૌથી મોટી સાઈટ = રિયો નીગ્રો, બ્રાઝીલ (1,20,000 વર્ગ ચોકિમી)

⇒ વિશ્વની સૌથી વધુ સાઈટ ધરાવતા દેશો = UK (175) અને મેક્સિકો (142)

- ગુજરાતમાં વેટલેન્ડ સાઈટ૦

① નળ સરોવર પક્ષી અભયારણ્ય - 2012 ③ વઢવાણા તળાવ (વડોદરા, ડભોઈ) (2021)
② થોળ પક્ષી અભયારણ્ય - મહેસાણા (2021) ④ ખિજડિયા અભયારણ્ય (જામનગર) (2021)

વર્ષ 2023ની થીમ = 'ઈટ્સ ટાઈમ ફોર વેટલેન્ડ્સ રિસ્ટોરેશન'

—— * —— * —— * ——

## ////// કરન્ટ ઈન શોર્ટ //////

[*] ભારતે પાકિસ્તાન સ્થિત આતંકવાદી અબ્દુલ રહેમાન મક્કીને સંયુક્ત રાષ્ટ્ર-લિસ્ટેડ આતંકવાદી જાહેર કર્યો.

[*] જમ્મુ અને કશ્મીરમાં મેજર જનરલ ગિરીશ કાલિયાએ મેજર જનરલ અભિજીત એસ. પેંઢારકર પાસેથી કુલીન વજ્ર ડિવીજનના જનરલ ઓફિસર કમાંડિંગનો કાર્યભાર સંભાળ્યો.


[*] પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહને ઈન્ડિયા-UK અચીવર્સ ઓનર્સ દ્વારા લાઈફટાઈમ અચીવમેન્ટ ઓનરથી સન્માનિત કરાયા.


[*] પર્યટન મંત્રી જી. કિશન રેડ્ડીએ નવી દિલ્લીમાં વિઝિટ ઈન્ડિયા યર-2023 પહેલ શરૂ કરી.

[*] મહારાષ્ટ્ર NCC એ ગણતંત્ર દિવસ શિબિર 2023માં પ્રધાનમંત્રી બેનર જીત્યું.


LATEST
આટલું તો વાંચવું જ પડે...
માસ્ટર GK
એક બુક બધી પરીક્ષાઓ
કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી
UPSC, GPSC, PI, PSI, ASI, હિસાબી અધિકારી, રાજ્ય વેરા નિરીક્ષક,
Dy. SO/મામલતદાર, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, મોટર વાહન નિરીક્ષક, કોન્સ્ટેબલ,
તલાટી, બિન-સચિવાલય/હાઈકોર્ટ ક્લર્ક, TAT, TET, HTAT, Railway
10700+ પ્રશ્નોનો સંગ્રહ
સ્પેશ્યલ થેન્ક્સ
શ્રી એમ. કે. પ્રજાપતિ
(ડે. કલેક્ટર)
Crack GPSC easily with...
Crack GPSC


LATEST
આટલું તો વાંચવું જ પડે...
ગુજરાત GK
એક બુક બધી પરીક્ષાઓ
કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી
GPSC, PI, PSI, ASI, ATDO, STI, Dy. SO/મામલતદાર, હિસાબી અધિકારી,
વિદ્યુત સહાયક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, મોટર વાહન નિરીક્ષક, કોન્સ્ટેબલ,
તલાટી, બિન-સચિવાલય/હાઈકોર્ટ ક્લર્ક, TAT, TET, HTAT, MPHW
6000+ પ્રશ્નોનો સંગ્રહ
સ્પેશ્યલ થેન્ક્સ
શ્રી એમ. કે. પ્રજાપતિ
(ડે. કલેક્ટર)
Crack GPSC easily with...
Crack GPSC


LATEST
આ બુક તો વાંચવી જ પડે...
ફાસ્ટ ટ્રેક
બંધારણ
• એક જ વિષયના 3700 થી વધુ તથ્યો એક સાથે
• ટોપિકવાઈઝ તમામ પ્રકારનાં તથ્યો
• પ્રિલીમ અને મેઈન્સ બંને પરીક્ષાઓમાં ઉપયોગી
• નવી પરીક્ષા પદ્ધતિમાં મૂંઝવતા ઓપ્શન્સ ઝડપી સોલ્વ કરવા માટે મહત્વની બુક
• થિયરીકલ પ્રશ્નોના જવાબ આપવા પણ ખૂબ ઉપયોગી
• ટેબલ્સ દ્વારા મહત્વપૂર્ણ પોઈન્ટ્સનો સમાવેશ
• અન્ય રાજ્યોની PCS, SSC, રેલવે તથા વિવિધ પરીક્ષાઓમાં પૂછાયેલા, વારંવાર પૂછાતા પ્રશ્નોનો સમાવેશ
• ઓછા સમયમાં વધુ અને ઊંડાણપૂર્વક તૈયારી
We are famous for the most IMP, authentic, to the point, up to date material
એક બુક બધી પરીક્ષાઓ
કલાસ 1, 2, 3/ કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી
UPSC, GPSC, PI, PSI, ASI, હિસાબી અધિકારી, રાજ્ય વેરા નિરીક્ષક,
Dy. SO/મામલતદાર, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, મોટર વાહન નિરીક્ષક, કોન્સ્ટેબલ,
તલાટી, બિન-સચિવાલય/હાઈકોર્ટ ક્લર્ક, TAT, TET, HTAT, SSC, Railway
સ્પેશ્યલ થેન્ક્સ
એમ. કે. પ્રજાપતિ 'આહ્નિક'
(ડે. કલેક્ટર)
Crack GPSC easily with...
Crack GPSC


LATEST
આ બુક તો વાંચવી જ પડે...
ફાસ્ટ ટ્રેક
ભારતનો ઈતિહાસ
NCERT તથા નેશનલ લેવલની ઓથેન્ટિક બુક્સ કવર્ડ
• એક જ વિષયના 6600+ તથ્યો એક સાથે
• ટોપિકવાઈઝ તમામ પ્રકારનાં તથ્યો
• પ્રિલીમ અને મેઈન્સ બંને પરીક્ષાઓમાં ઉપયોગી
• નવી પરીક્ષા પદ્ધતિમાં મૂંઝવતા ઓપ્શન્સ ઝડપી સોલ્વ કરવા માટે મહત્વની બુક
• થિયરીકલ પ્રશ્નોના જવાબ આપવા પણ ખૂબ ઉપયોગી
• ટેબલ્સ દ્વારા મહત્વપૂર્ણ પોઈન્ટ્સનો સમાવેશ
• અન્ય રાજ્યોની PCS, SSC, રેલવે તથા વિવિધ પરીક્ષાઓમાં પૂછાયેલા, વારંવાર પૂછાતા પ્રશ્નોનો સમાવેશ
• ઓછા સમયમાં વધુ અને ઊંડાણપૂર્વક તૈયારી
We are famous for the most IMP, authentic, to the point, up to date material
એક બુક બધી પરીક્ષાઓ
કલાસ 1, 2, 3/ કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી
UPSC, GPSC, PI, PSI, ASI, હિસાબી અધિકારી, રાજ્ય વેરા નિરીક્ષક,
Dy. SO/મામલતદાર, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, મોટર વાહન નિરીક્ષક, કોન્સ્ટેબલ,
તલાટી, બિન-સચિવાલય/હાઈકોર્ટ ક્લર્ક, TAT, TET, HTAT, SSC, Railway
સ્પેશ્યલ થેન્ક્સ
એમ. કે. પ્રજાપતિ 'આહ્નિક'
(ડે. કલેક્ટર)
Crack GPSC easily with...
Crack GPSC

# [*] 3 ફેબ્રુઆરી - 2023 [*]

## [*] 'જય જય મહારાષ્ટ્ર માઝા' મહારાષ્ટ્રનું રાજ્યગીત જાહેર થયું.

⇒ મહારાષ્ટ્ર સરકારે તેનું રાજ્યગીત જાહેર કર્યું, જેને હવેથી રાજ્યના અધિકારિક ઉત્સવો સમયે વગાડવામાં આવશે.

⇒ ગીતના ગાયનની અવધિ 1.41 મિનિટ છે જેને મૂળ બોલ રાજા બઢે દ્વારા લખવામાં આવ્યું છે.

⇒ આ ગીતને શ્રીનિવાસ ખાલેએ સંગીત આપ્યું અને લોક ગાયક કૃષ્ણરાવ સાબલેએ તેને સ્વર આપ્યો.

## [*] ભોપાલનું ઈસ્લામનગર હવે બન્યું જગદીશપુર.

⇒ મધ્યપ્રદેશ સરકારે ભોપાલ જિલ્લામાં સ્થિત ઈસ્લામનગર ગામનું નામ બદલીને જગદીશપુર કરવાની જાહેરાત કરી.

⇒ ભોપાલની સ્થાપના 1724માં અફઘાન સૈનિક 'દોસ્ત મોહમ્મદ ખાને' કરી હતી. જેણે જગદીશપુરને પોતાની રાજધાની સ્થાપી અને ઈસ્લામનગર નામ આપ્યું.

## [*] ઈક્વેટોરીયલ ગિનીના પ્રથમ મહિલા PM - મેનુએલા રોકા બોટી.

⇒ ઈક્વેટોરીયલ ગિનીએ મેનુએલા રોકા બોટીને દેશના પ્રથમ મહિલા PM નિયુક્ત કર્યા.

⇒ 1979થી દેશ પર શાસન કરનાર રાષ્ટ્રપતિ તિયોડોરો ઓબિયાંગ ન્ગુએમા મબાસોગોએ આ નિયુક્તિની ઘોષણા કરી.

⇒ મેનુએલાએ ફ્રાંસિસ્કો પાસ્કુઅલ ઓબામા અસ્યૂ, જેઓ 2016થી આ પદ પર હતા તેમની જગ્યા લીધી.

## [*] ભારતીય પહેલવાન અમન સહરાવતે બ્રોન્ઝ મેળવ્યો.

⇒ ભારતે અંડર-23 વિશ્વ ચેમ્પિયન અમન સહરાવતે ક્રોએશિયા ખાતેના જાગ્રેબ ઓપન 2023 રેન્કિંગ સીરીઝમાં પુરૂષ 57kg કેટેગરીમાં બ્રોન્ઝ (કાંસ્ય) પદક મેળવ્યો.

⇒ 2023માં તેણે ભારતનો પ્રથમ મેડલ મેળવવા માટે અમેરિકાના જેન ર રોડ્સ રિચર્ડ્સને 10-4થી હરાવ્યા.

⇒ આ મેચની ફાઈનલમાં જાપાનના યુતો નિશુચીને 2-0થી હરાવી અઝરબૈજાનના અલીઆબબાસ રમહદએ ગોલ્ડ મેડલ મેળવ્યો.

## * ઈથેનોલ ઉત્પાદન માટે UP- ડેનમાર્ક વચ્ચે કરાર.

⇒ ઈકો ફ્રેન્ડલી ઈથેનોલના ઉત્પાદનને વધારવા માટે ઉત્તર પ્રદેશ સરકાર ડેનમાર્ક સાથે ઈથેનોલ ઉત્પાદનની નવી ટેકનીક મેળવવા સમજૂતી કરશે.

⇒ ડિલ્વન પ્રક્રિયા દ્વારા ઉત્પન્ન કાર્બન ડાયોક્સાઈડ માં હાઈડ્રોજન ગેસના માધ્યમથી ઈથેનોલનું ઉત્પાદન કરવામાં આવે છે.

## * રક્ષક: એક શામ ગુજરાત પોલિસ કે નામ.

⇒ અમદાવાદ 'રક્ષક: એક શામ ગુજરાત પોલિસ કે નામ' શીર્ષક હેઠળના ગુજરાત પોલિસના સમર્પિત કાર્યક્રમની મેજબાની કરશે.

⇒ આ કાર્યક્રમના મુખ્ય અતિથિ ભૂપેન્દ્ર પટેલ (CM) રહેશે.

⇒ કાર્યક્રમમાં રાજ્યના 30 જિલ્લા સામેલ થશે અને પોલીસ દળે સમર્પિત કરેલ તેના કાર્યોને આ કાર્યક્રમમાં બિરદાવવામાં આવશે.

---

## /// કરન્ટ ઈન શોર્ટ ///

* પ્રસિદ્ધ કન્નડ લેખક અને સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા (2010) કે.વી. તિરુમલેશનું નિધન થયું.

* મોર્ગન સ્ટેનલીએ અરુણ કોહલીને ભારતના નવા કન્ટ્રી હેડ નિયુક્ત કર્યા.

* 2025માં મેડ્રિડ ઈન્ટરનેશનલ બુક ફેરમાં ભારત થીમ દેશ રહેશે, જેની જાહેરાત સ્પેનના રાજદૂત જોસ મારિયા રિડાઓએ કરી.

* ભારતે કોંગો ગણરાજ્યને આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન (International Solar Alliance)માં સામેલ કર્યું.

* MMSC FMSCI ઈન્ડિયન નેશનલ કાર રેસિંગ ચેમ્પિયનશિપમાં સાંઈ સંજયને MRF ફોર્મ્યુલા 2000 વર્ગમાં રાષ્ટ્રીય ચેમ્પિયનશિપનો ખિતાબ મળ્યો.

* ભારતીય અમેરિકી પ્રમિલા જયપાલ આપ્રજનના શક્તિશાળી સદન નગરપાલિકા સમિતિની ઉપસમિતિની રેંકિંગ સદસ્ય નિયુક્ત થયા.

# [*] 4 ફેબ્રુઆરી-2023 [*]

## [*] 'પે એઝ યુ ડ્રાઈવ' વાહન વીમા પોલિસી.

⇒ ન્યૂ ઈન્ડિયા એન્શ્યોરન્સ (NIA)એ 'પે એઝ યુ ડ્રાઈવ' (PAYD) વાહન વીમા પોલિસી જાહેર કરી.

⇒ આ પોલીસી મોટર વાહનના ઉપયોગના આધારે પ્રીમિયમ વસૂલવામાં આવશે.

⇒ આ પોલિસી થર્ડ પાર્ટી કવર અને ઓન-ડેમેજ કવર પર આધારિત રહેશે.

## [*] 4 ફેબ્રુઆરી - આંતરરાષ્ટ્રીય માનવ બંધુત્વ દિવસ.

⇒ અલ અઝહરના ગ્રેન્ડ ઈમામ, અહમદ અલ-તૈયબ અને પોપ ફ્રાંસિસ દ્વારા હસ્તાક્ષરિત 'વિશ્વ શાંતિ અને એક સાથે રહેવા માટે માનવ બંધુતા' નામક ઐતિહાસીક દસ્તાવેજનો જશ્ન મનાવવા માટે આંતરરાષ્ટ્રીય માનવ માનવ બંધુતા દિવસ સ્થાપવામાં આવ્યો.

⇒ આ દિવસ 21 ડિસેમ્બર, 2020ના રોજ UN મહાસભાએ આ દિવસની શરૂઆત કરી હતી.

⇒ આદર્શ વાક્ય = સામંજસ્ય માં મતભેદ.

## [*] યાયા ત્સો- લદ્દાખનું પ્રથમ જૈવ વિવિધતા વિરાસત સ્થળ બનશે.

⇒ યાયા ત્સો જે તેની ખૂબસૂરત જરણાઓના કારણે પક્ષિઓ માટે સ્વર્ગ સમાન માનવામાં આવે છે તેને લદ્દાખની પ્રથમ જૈવ વિવિધતા વિરાસત સ્થળ(BHS) તરીકે જાહેર કરવામાં આવ્યું.

⇒ યાયા ત્સો ખૂબ જ મોટા પ્રમાણમાં પક્ષીઓ અને પ્રાણીઓનું આવાસ સ્થળ છે. જેવો કે બાર-હેડેડ ગૂઝ, બ્લેક-નેક્ડ ક્રેન અને બ્રાહ્મણી બતક.

⇒ આ સ્થળને ભારતની કાળી ડોક વાળા ક્રેનના ઉચ્ચતમ પ્રજનન સ્થળોમાંનું એક હોવાનું ગૌરવ પ્રાપ્ત થયેલું છે.

• જૈવ વિવિધતા વિરાસત બાબતે (Biodiversity Heritage sites).

⇒ આ ક્ષેત્ર સમુદ્રી જૈવ વિવિધતા ધરાવતા વિસ્તારો છે.

⇒ આ ક્ષેત્ર સમુદ્રી જૈવ વિવિધતા ધરાવતા વિસ્તારો છે. તેને જાહેર કરવામાં આવે છે.

⇒ જૈવ વિવિધતા અધિનિયમ 2002 હેઠળ તેને જાહેર કરવામાં આવે છે.

⇒ ભારતમાં 36 BHS છે. મહેન્દ્રગિરિ પર્વત (ઓડિશા) 2022માં સ્થાપિત છેલ્લું BHS છે.

## * ભારતની સર્વોચ્ચ ન્યાયાલયની 73મી વર્ષગાંઠ.

⇒ 4 ફેબ્રુઆરી, 2023 ના રોજ ભારતની સર્વોચ્ચ ન્યાયાલયે 73 વર્ષ પૂર્ણ કર્યું.

⇒ સિંગાપુરના મુખ્ય ન્યાયાધીશ સુંદરેશ મેનન સર્વોચ્ચ ન્યાયાલયની 73મી વર્ષગાંઠના પ્રથમ વાર્ષિક વ્યાખ્યાન હાજર રહેશે. જેઓ 'બદલાતી દુનિયામાં ન્યાયપાલિકાની ભૂમિકા' પર વ્યાખ્યાન આપશે.

## * 4 ફેબ્રુઆરી - વિશ્વ કેન્સર દિવસ.

⇒ કેન્સર બાબતે જાગૃતતા લાવવા અને તેને રોકવા માટેના ઉપચારો કરવા માટે આ દિવસ મનાવાય છે.

⇒ 2008માં વિશ્વ કેન્સર ઘોષણાપત્રની રચના સમયે યૂનિયન ફોર ઈન્ટરનેશનલ કેન્સર કન્ટ્રોલ દ્વારા આ દિવસની શરૂઆત કરવામાં આવી હતી.

⇒ વર્ષ 2023ની થીમ- ક્લોઝ ધ કેર ગેપ: યુનાઈટિંગ આવર વોઈસિસ એન્ડ ટેકિંગ એક્શન!

---

## ||||| કરન્ટ ઈન શોર્ટ |||||

* સાઉદી અરબ ફૂટબોલના 2027 એશિયાઈ કપની મેજબાની કરશે.
* નવી દિલ્લી ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રાલયે ડિજિટલ ઈન્ડિયા મોબાઈલ વેન લોન્ચ કરી.
* દિલ્લી બાલ અધિકાર સંરક્ષણ આયોગ (DCPCR) એ દિલ્લીમાં બાળકો અને માતા-પિતાને સંચાર સેવા પ્રદાન કરવા માટે વ્હોટ્સએપ ચેટબોટ 'બાલ મિત્ર' લોન્ચ કર્યું.
* ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ફરીદાબાદ, હરિયાણા ખાતે 36માં આંતરરાષ્ટ્રીય સૂરજકુંડ મેળાનું ઉદ્ઘાટન કર્યું.
* વૈશ્વિક ઊર્જા બેઠક 2023માં બેંગલુરુ ખાતે ભારત મેજબાની કરશે.
* પૂર્વ ભારતીય ક્રિકેટર અભિમન્યુ શર્માએ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી.

# * 5 ફેબ્રુઆરી - 2023 *

## * ગ્લોબલ ડેમોક્રેસી ઈન્ડેક્સ - 2022.

⇒ 167 દેશોની સ્થિતિ અંગેના આ રિપોર્ટમાં ચૂંટણી પ્રક્રિયા, સરકારની કામગીરી, રાજકીય ભાગીદારી અને નાગરિક સ્વતંત્રતાના સંદર્ભોને ધ્યાને લેવામાં આવ્યા.

⇒ આ રિપોર્ટ અનુસાર વિશ્વની અડધી વસ્તી (45.3%) લોકશાહીમાં, જ્યારે ત્રીજા ભાગની વસ્તી (36.9%) સરમુખત્યારશાહી હેઠળ જીવે છે.

⇒ આ યાદી મુજબ રશિયા 22 માંથી 146 માં સ્થાને, ચીન 156માં અને ભારત 46માં સ્થાને છે.

⇒ આ બાબતમાં નોર્વે સૌથી ટોચ પર પ્રથમ ક્રમે છે.

## * સશસ્ત્ર દળ અને વ્યાભિચાર.

⇒ તાજેતરમાં સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો કે સશસ્ત્ર દળો તેમના અધિકારીઓ/કર્મચારીઓ સામે વ્યાભીચારી કૃત્યો માટે કાર્યવાહી કરી શકે છે. જ્યારે વ્યાભિચારનો ગુનો સશસ્ત્ર દળોને લાગુ પડતો નથી.

⇒ વ્યાભિચારને અપરાધ જાહેર કરવાથી સશસ્ત્ર સેવાઓના સભ્યોને વ્યાભિચારી પ્રવૃત્તિ માટે દોષિત ઠેરવવામાં આવતા અટકાવી શકાય. જ્યારે સૈનિકો અને અધિકારીઓ પ્રતિકૂળ વાતાવરણમાં તૈનાત હોય ત્યારે. પરંતુ જ્યારે સશસ્ત્ર સેવાના સૈનિકો સહકર્મીની પત્ની સાથે વ્યાભિચાર કરે ત્યારે તેને નોકરીમાંથી બરતરફ કરી શકાય છે.


⇒ IPC ની કલમ 497 અંતર્ગત કોઈપણ વ્યક્તિ જેતે વ્યક્તિની સંમતિ અથવા જાણ વિના અન્ય વ્યક્તિની પત્ની સાથે જાતીય પ્રવૃત્તિમાં જોડાય તેને વ્યાભિચાર ગણવામાં આવ્યો છે. પરંતુ તેને બળાત્કારમાં સમાવાતો નથી.

## * સાયલન્ટ વેલી નેશનલ પાર્ક - કેરળ.


⇒ તાજેતરમાં કેરળ ખાતેના આ નેશનલ પાર્કમાં 175 પ્રજાતિના પક્ષીઓની ઓળખ કરવામાં આવી. જેમાં 17 પ્રજાતિ તદ્દન નવી છે.

⇒ સાયલન્ટ વેલી કેરળમાં નીલગીરીની પર્વતમાળામાં આવેલું છે. અને 89.52 ચો.km માં વિસ્તરાયેલું છે.


⇒ સમગ્ર ઉદ્યાન પ્રાણી અને વનસ્પતિ સૃષ્ટિ માટે બફરઝોન જાહેર કરાયું છે.




LATEST
અબ કી બાર, કોન્સ્ટેબલ પાર...
કોન્સ્ટેબલ કાયદો
● અત્યાર સુધીના તમામ પૂછાયેલા પ્રશ્નો-ઉત્તરો સહિત
● પૂછાવાની પૂરેપૂરી શકયતા ધરાવતા તમામ મહત્વના પ્રશ્નો
● ઝડપી તૈયારી તથા રિવિઝન કરાવતી એકમાત્ર બુક
● અગત્યની બાબતોની ત્યાં જ કોષ્ટક રૂપે રજૂઆત
Crack GPSC easily with...
Crack GPSC
ભારતીય ફોજદારી અધિનિયમ,1860 (IPC)
ફોજદારી કાર્યરીતિ અધિનિયમ,1973 (CrPC)
ભારતીય પુરાવા અધિનિયમ,1872 (Evidence)

UPSC, GPSC વર્ગ 1, 2 અને વર્ગ 3 (પ્રિલીમ/મુખ્ય) તથા કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે
આ બુક તો વાંચવી જ પડે...
ભારતનો ઈતિહાસ
એક બુક, બધી પરીક્ષાઓ
Crack GPSC easily with...
Crack GPSC
સ્પેશ્યલ થેન્ક્સ
એમ. કે. પ્રજાપતિ 'આહ્નિક'
(ડે. કલેક્ટર)

UPSC, GPSC વર્ગ 1, 2 અને વર્ગ 3 (પ્રિલીમ/મુખ્ય) તથા કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે
આ બુક તો વાંચવી જ પડે...
ભારતનો ઈતિહાસ
એક બુક, બધી પરીક્ષાઓ
Crack GPSC easily with...
Crack GPSC
સ્પેશ્યલ થેન્ક્સ
એમ. કે. પ્રજાપતિ 'આહ્નિક'
(ડે. કલેક્ટર)

UPSC, GPSC વર્ગ 1, 2 અને વર્ગ 3 (પ્રિલીમ/મુખ્ય) તથા કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે
આ બુક તો વાંચવી જ પડે...
આધુનિક ભારતનો ઈતિહાસ
એક બુક, બધી પરીક્ષાઓ
Crack GPSC easily with...
Crack GPSC
સ્પેશ્યલ થેન્ક્સ
એમ. કે. પ્રજાપતિ 'આહ્નિક'
(ડે. કલેક્ટર)

## * અવકાશીય કચરો.

⇒ તાજેતરમાં ભારત સરકારે જાહેરાત કરી કે 111 પેલોડ અને 105 અવકાશીય ભંગાર પૃથ્વીની પરિક્રમા કરતી ભારતીય વસ્તુ તરીકે ઓળખવામાં આવ્યા. આ તમામ વસ્તુઓ અવકાશના ભવિષ્યના મિશનને અસર કરશે.

⇒ અવકાશીય ભંગારમાં વપરાયેલા રોકેટ, નિષ્ક્રિય ઉપગ્રહો, અવકાશ સંસ્થાઓની એન્ટિ સેટેલાઈટ સિસ્ટમ્સનો સમાવેશ થાય છે.

⇒ ISRO એ 2022માં આવા તમામ પદાર્થો પર નજર રાખવા IS 4 OM સિસ્ટમ શરૂ કરી. જ્યારે PROJECT NETRA હેઠળ ભારતીય ઉપગ્રહો માટેના કાટમાળ અને અન્ય જોખમોને શોધવા માટે અવકાશમાં સ્થાપિત ચેતવણી સિસ્ટમ શરૂ કરવામાં આવી.

## * ત્રણ નવી સહકારી મંડળીની રચનાને મંજૂરી.

⇒ કેન્દ્ર સરકારે નેશનલ એક્સપોર્ટ સોસાયટી, નેશનલ કોઓપરેટિવ સોસાયટી ફોર ઓર્ગેનિક પ્રોડક્ટસ અને નેશનલ લેવલ મલ્ટી-સ્ટેટ સીડ કોઓપરેટીવ સોસાયટીની સ્થાપનાને મંજૂરી આપી.

⇒ આ મંડળીઓ બિયારણ ઉપલબ્ધતા, જૈવિક ખેતી, ગુણવત્તાયુક્ત બીજ, ઉત્પાદન અને નેટવર્કમાં વધારો જેવી બાબતો સુનિશ્ચિત કરશે.

——— * ——— * ——— * ———

## /// કરન્ટ ઈન શોર્ટ ///

* ઓસ્ટ્રેલિયાએ તેમની નોટોમાંથી બ્રિટિશ રાજતંત્રના પ્રતીકને હટાવવાનો નિર્ણય કર્યો.

* 96મો અખિલ ભારતીય મરાઠી સાહિત્ય સંમેલન મહારાષ્ટ્રમાં આયોજિત થયો.

* રિમોટલી કંપનીએ આપેલા રિપોર્ટ અનુસાર દુનિયાના મોટા ભાગના લોકો પાયલોટની જોબ પસંદ કરે છે જ્યારે ભારતમાં મોટા ભાગના લોકો લેખક બનવા માંગે છે.

* WHO ના રિપોર્ટ અનુસાર બેંગકોક વિશ્વનું સૌથી ત્રીજું પ્રદૂષિત શહેર.

* ગુજરાત રાજ્ય સરકારે 2011 બાદ 12 વર્ષે જંત્રીના ભાવમાં 100% નો વધારો કર્યો.

* જલવાયુ પરિવર્તન પર આંતર સરકારી પેનલ (IPCC) ના વિરોધાભાસી અનુમાન શીર્ષક હેઠળ રજૂ થયેલ અહેવાલ અનુસાર 2050 સુધીમાં વિશ્વમાં 2°C તાપમાનનો વધારો થવાની સંભાવના છે.

Gracia GPSC

# ✱ 6 ફેબ્રુઆરી - 2023 ✱

## ✱ ભારતમાં દૂષિત નદીઓની સંખ્યા બાબત.

⇒ જળશક્તિ મંત્રાલયે સંસદમાં આપેલ માહિતી અનુસાર દેશમાં 137 નદીઓ પ્રદૂષિત છે. જેમાં ગુજરાતમાં સૌથી વધુ બે નદીઓ પ્રદૂષિત.

⇒ રિપોર્ટ અનુસાર તમિલનાડુની કુમ અને ગુજરાતની સાબરમતી નદી સૌથી પ્રદૂષિત, કુમ નદીનું રેટિંગ (345), સાબરમતી-292 અને ગુજરાતની ભાદર 258 નું રેટિંગ ધરાવે છે.

⇒ ગંગાનદીનું રેટિંગ 6 અને યમુના 83 ધરાવે છે.

## ✱ જાડા અનાજને પ્રોત્સાહન અને સરકાર.

⇒ નાણાપ્રધાન નિર્મલા સીતારમણે બજેટમાં જાડા અનાજને શ્રીઅન્ન નામ આપી વિશ્વમાં તેને પ્રોત્સાહન આપવાની જાહેરાત કરી. આ જાડા અનાજને પ્રાચીન સમયમાં લોકો 'સુપર ફૂડ'થી ઓળખતા.

### • જાડા અનાજમાં આઠ અનાજનો સમાવેશ •

⇒ જુવાર, બાજરી, રાગી, સાવો, કંગની, ચીના, કોદરી, કુટકી અને કટ્ટુ.

⇒ સીમાંત અને સિંચાઈહીન ભૂમિ પર તેનો પાક લેવામાં આવે છે.

### • ભારતમાં જાડા અનાજનું ઉત્પાદન અને નિકાસ •

⇒ ભારત જાડા અનાજનું વૈશ્વિક ઉત્પાદનના 41% યોગદાન ધરાવે છે.

⇒ ભારતમાં રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, ગુજરાત અને મધ્યપ્રદેશ જાડા અનાજનું ઉત્પાદન કરે છે. એક અંદાજ મુજબ 2025 સુધીમાં જાડા અનાજનું બજાર 9 અબજ ડોલરથી વધીને 12 અબજ ડોલર થવાની સંભાવના છે.

⇒ ભારત સાઉદી અરબ, નેપાળ, UAE, ઓમાન, ઈજિપ્ત, ટ્યૂનિશિયા, યમન, બ્રિટન અને અમેરિકામાં જાડા અનાજની નિકાસ કરે છે.

### • જાડું ધાન્ય સ્વાસ્થ્ય માટે લાભદાયક •

⇒ ત્રણ વર્ષ સુધી બાળક દિવસમાં 100ગ્રામ બાજરાનું સેવન કરે તો આયરન પૂરતા પ્રમાણમાં મળે.

⇒ બાજરાથી મહિલાઓમાં જોવા મળતી લોહીની ઉણપ દૂર થાય છે. અને લોહતત્વ તથા ઝિંકનું પ્રમાણ વધે.

⇒ આ અનાજમાં રહેલ ગ્લાઈસેમિક ઈન્ડેક્સ (જીઆઈ) ડાયાબિટિસને રોકે છે.

### • જાડા ધાન્ય માટે પ્રોત્સાહક યોજનાઓ •

⇒ 140થી વધુ દેશોમાં આવેલ ભારતીય દૂતાવાસ 2023 દરમિયાન આંતરરાષ્ટ્રીય જાડા ધાન્ય ઉત્સવનું આયોજન કરશે.

⇒ UN મહાસભાએ 2023ના વર્ષને 'ઈન્ટરનેશનલ મિલેટ યર' (આંતરરાષ્ટ્રીય બાજરા વર્ષ) જાહેર કર્યું.

## [*] એશિયાનું સૌથી મોટું હેલિકોપ્ટર કારખાનું.

⇒ પ્રધાનમંત્રી મોદીએ કર્ણાટકના તુમકુરમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડનું આ કારખાનાનું ઉદ્ઘાટન કર્યું.

⇒ આ ફેક્ટરી યુટિલિટી હેલિકોપ્ટરના ઉત્પાદનથી પોતાની શરૂઆત કરશે.

## [*] 5 ફેબ્રુઆરી - સંત રવિદાસ જયંતી.

⇒ 15મી સદીના સંત અને ઉત્તર ભારતમાં ભક્તિ આંદોલનના સુધારક સંત રવિદાસની જયંતી માઘ સુદ પૂનમે મનાવાય છે.

⇒ તેમનો જન્મ વારાણસીમાં મોચી પરિવારમાં થયાનું મનાય છે. અને તેઓ એક ઈશ્વરવાદમાં માનતા હતા.

⇒ તેમણે જાતિ વ્યવસ્થાને દૂર કરવા અને બ્રાહ્મણવાદી સમાજની ધારણાનો ખુલ્લેઆમ તિરસ્કાર કર્યો.

## [*] રેલવેની ગરવી ગુજરાત ટૂર.

⇒ ભારતીય રેલવેએ ગુજરાતની વિરાસતને પ્રદર્શિત કરવા એક ભારત શ્રેષ્ઠ ભારત યોજના હેઠળ ગરવી ગુજરાત યાત્રા શરૂ કરી.

⇒ આ યાત્રા દિલ્લીના સફદરજંગ સ્ટેશનથી શરૂ થશે.

⇒ યાત્રામાં SOU, ચાંપાનેર, સોમનાથ, દ્વારકા, નાગેશ્વર, બેટ દ્વારકા, અમદાવાદ, મોઢેરા, પાટણનો સમાવેશ કરાશે.

---

## ||| કરન્ટ ઈન શોર્ટ |||

[*] ત્રણ વાર ગ્રેમી એવોર્ડ જીતનાર એકમાત્ર જીવિત ભારતીય બન્યા રિકી કેજ.

[*] શમિકા રવિ પ્રધાનમંત્રીની આર્થિક સલાહકાર પરિષદના સભ્ય નિયુક્ત થયા.

[*] 6 ફેબ્રુ. - લતા મંગેશકરની પ્રથમ પુણ્યતિથિ.

[*] ગૃહમંત્રી અમિત શાહે ઝારખંડમાં દેવઘર જિલ્લામાં જસીડીહ ખાતે IFFCO નેનો યુરિયા સંયંત્રની આધારશીલા મૂકી.

[*] ડૉ. મનસુખ માંડવીયાએ PLASTINDIA 2023માં CEO કોન્કલેવની અધ્યક્ષતા કરી.

[*] પ્રખ્યાત પાર્શ્વ ગાયિકા પદ્મભૂષણ વાણી જયરામનું નિધન.

# ✱ 7 ફેબ્રુઆરી - 2023 ✱

## ✱ કાલા ઘોડા મહોત્સવ - મુંબઈ.

⇒ ભારતના દક્ષિણ મુંબઈના કાલાઘોડા ક્ષેત્રમાં ફેબ્રુઆરીના પ્રથમ શનિવાર થી શરૂ કરી બીજા રવિવાર સુધી આ વાર્ષિક ઉત્સવ મનાવાય છે.

⇒ આ ઉત્સવ પ્રથમવાર 1999માં ઉજવાયો હતો.

⇒ ઉત્સવમાં કલા, નૃત્ય, સંગીત, સિનેમા, સાહિત્ય વગેરે પ્રદર્શિત કરવામાં આવે છે.

## ✱ 6 ફેબ્રુઆરી - International Day of zero Tolerance for Female Genital Mutilation. (FGM)

⇒ મહિલા જનનાંગ વિકૃતિ (FGM) બાબતે આંતરરાષ્ટ્રીય શૂન્ય અસહિષ્ણુતા દિવસ 6 ફેબ્રુઆરીએ મનાવાય છે.

⇒ આ દિવસ જનનાંગ વિકૃતિના કારણે મહિલાઓમાં થનાર સમસ્યા બાબતે જાગૃતતા લાવવા તેમજ શિક્ષિત કરવા આ દિવસ મનાવાય છે.

⇒ વર્ષ 2003માં UNICEFએ આ દિવસની શરૂઆત કરી. UN દ્વારા FGMને 2030 સુધીમાં વિશ્વના તમામ દેશોમાંથી નાબૂદ કરવાનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે.

⇒ 2023ની થીમ - પાર્ટનરશિપ વિથ મેન એન્ડ બોય્ઝ ટૂ ટ્રાન્સફોર્મ સોશિયલ એન્ડ જેન્ડર નોર્મ્સ ટૂ એન્ડ ફિમેલ જેનિટલ મ્યુટિલેશન.

## ✱ મૉર્નિંગ કન્સલ્ટિંગ ફર્મ.

⇒ યૂએસ બેઝ્ડ કન્સલ્ટિંગ ફર્મ મૉર્નિંગ કન્સલ્ટિંગ ફર્મે આપેલા ગ્લોબલ લીડર અપ્રૂવલ રેટિંગમાં 78% સાથે પ્રધાનમંત્રી મોદી સૌથી લોકપ્રિય નેતા

⇒ મેક્સિકન રાષ્ટ્રપતિ એંડ્રેસ ઓબ્રેડોર 68% સાથે બીજા અને સ્વિસ રાષ્ટ્રપતિ અલેન બેર્સેટ 62% સાથે ત્રીજા સ્થાને.

## ✱ શ્રીલંકાનો 75મો સ્વતંત્રતા દિવસ.

⇒ તાજેતરમાં 4 ફેબ્રુઆરી 2023ના રોજ 'નમો નમો મેડ - અસ્ટેપ ટુવર્ડ્સ અ સેંચુરી' થીમ આધારિત શ્રીલંકાએ 75 વર્ષ સ્વતંત્રતાના પૂરા કર્યા અને કોલંબો ખાતે સ્વતંત્રતા દિવસ ઉજવ્યો.

⇒ આ કાર્યક્રમમાં સાંસ્કૃતિક કાર્યક્રમ કલા ઉત્સવ લંકરાલંકાનું આયોજન કરાયું હતું.

⇒ ભારતના કેન્દ્રીય વિદેશ રાજ્ય મંત્રી વી. મુરલીધરને આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

રાજધાની → કાર્યકારી અને ન્યાયિક = કોલંબો
→ પ્રશાસનિક = શ્રીજયવર્ધનપુર કોટ્ટે

| રાષ્ટ્રપતિ - રાનિલ વિક્રમસિંઘે |
|---|

## (*) પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિ પરવેઝ મુશર્રફનું નિધન.

⇒ પરવેઝ 4સ્ટાર જનરલ હતા જેમણે 1999માં સત્તા પર આવ્યા બાદ દશ વર્ષ સુધી પાકિસ્તાન પર શાસન કર્યું.

⇒ તેઓ 2016થી દુબઈમાં હતા અને 2007માં તેમના પર લગાવેલા સંવિધાનના દુર્વ્યવહાર બદલના દેશદ્રોહના કેસનો સામનો કરી રહ્યા હતા.

⇒ રાષ્ટ્રપતિ તરીકે તેમણે 2001માં પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયી સાથે શાંતિ શિખર સંમેલનમાં આગ્રા ખાતે હાજરી આપી હતી.

## (*) રેલવેની વોટ્સએપ 'ઝૂપ' સુવિધા.

⇒ ભારતીય રેલવેએ ખાનપાન સેવાઓને ગ્રાહક કેન્દ્રિત બનાવવા માટે યાત્રિઓની વોટ્સએપના માધ્યમથી ભોજન ઓર્ડર કરવા 'ઝૂપ' સુવિધા શરૂ કરી.

⇒ યાત્રિ તેના PNR નંબરનો ઉપયોગ કરી વ્હોટ્સએપની મદદથી ઓનલાઈન ભોજન મંગાવી શકશે.

⇒ ઝૂપ એપ યાત્રિઓને રેલવે સ્ટેશનો પર રેસ્ટોરાંથી ટ્રેનમાં ભોજન વિતરણ માટે સહાયતા કરશે.

---

## //// કરન્ટ ઈન શોર્ટ ////

(*) તુર્કી અને સીરિયામાં 7.8ની તીવ્રતા ભૂકંપ.

(*) કેન્દ્ર સરકારના ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રાલયે ડિજિટલ લોન એપ 'Lazypay' અને 'Kissht' પર પ્રતિબંધ મુક્યો.

(*) ડૉ. પૈંગી મોહનને માતૃભૂમિ ઈન્ટરનેશનલ ફેસ્ટિવલ ઓફ લેટર્સ (MBIFL 2023)ની ચોથી આવૃત્તિમાં 'માતૃભૂમિ બુક ઓફ ધ યર' પુરસ્કાર મળ્યો.

(*) ભારત સરકારે આર્થિક સહાયતા યોજના હેઠળ ~~[illegible]~~ શ્રીલંકાને 50 બસોનું વિતરણ કર્યું.

(*) કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજનાને 2024 સુધી વધારી.

Crack GPSC

# ✱ 8 ફેબ્રુઆરી - 2023 ✱

## ✱ વિશ્વનું પ્રથમ 'સુપર ચુંબક'.

⇒ UK ની ટોકામક એનર્જીમાં પરમાણુ સંલયન યંત્રના પરિક્ષણ માટે વિશ્વના પ્રથમ 'સુપર મેગ્નેટ' વિકસાવવામાં આવ્યું.

⇒ Demo4 ચુંબક પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રથી લગભગ એક લાખ ગણુ વધુ મજબૂત ચુંબકીય ક્ષેત્ર ધરાવે છે.

⇒ આ ચુંબક સંલયન પ્રક્રિયા દરમિયાન વધતી ગરમ પ્લાઝમાને સીમિત અને નિયંત્રિત કરવામાં સક્ષમ છે.

## ✱ રાખી કપૂરને ગોલ્ડન બુક એવોર્ડ.

⇒ લેખિકા રાખી કપૂરને તેમના પુસ્તક 'નાવ યૂ બ્રીધ' માટે ગોલ્ડન બુક એવોર્ડ્સ 2023 અપાયો.

⇒ આ એવોર્ડ એશિયાનો પ્રતિષ્ઠિત પુરસ્કાર છે જે સાહિત્યક્ષેત્રે આપવામાં આવે છે.

## ✱ ભારત રંગ મહોત્સવની 22મી આવૃત્તિ.

⇒ ભારતની રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલય (NSD) દ્વારા ભારત રંગ મહોત્સવ (BRM) ની 22મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યુ.

⇒ આંતરરાષ્ટ્રીય રંગમંચ મહોત્સવ દિલ્હી, રાજમુંદરી, જયપુર, રાંચી, જમ્મૂ, ગુવાહાટી, શ્રીનગર, ભોપાલ, નાસિક અને કેવડિયા ખાતે આયોજિત કરાશે.

⇒ નાટકોમાં ભારતની વિવિધ 16 ભાષાઓ સામેલ કરવામાં આવશે.

⇒ BRM એશિયાનું સૌથી મોટું થિયેટર ફેસ્ટિવલ છે.

## ✱ સરકારી કર્મચારીઓની 33% ગેરેન્ટેડ પેન્શનવાળી આંધ્રસરકારની યોજના

⇒ સમગ્ર દેશમાં જ્યારે OPS (ઓલ્ડ પેન્શન સ્કિમ) પાછી લાવવા મુદ્દે વિવાદો ચાલી રહ્યા છે ત્યારે કેન્દ્ર સરકાર આંધ્રપ્રદેશ સરકારની 33% ગેરન્ટેડ પેન્શન યોજના લાગુ કરવા વિચારી રહી છે.

⇒ ગેરન્ટેડ પેન્શન સ્કીમ (GPS) ને OPS અને NPS નું મિશ્રણ ગણવામાં આવે છે.

⇒ આંધ્રપ્રદેશની જગન મોહન રેડ્ડી સરકાર GPS નો 2022માં અમલ કર્યો. જેમાં રાજ્ય સરકારના કર્મચારીઓને કોઈ કપાત વિના છેલ્લા પગારની 33% રકમ ગેરેન્ટેડ પેન્શન તરીકે ઓફર કરે છે.

⇒ આ માટે કર્મચારીએ બેઝિક પગારના 10% યોગદાન આપવાનું રહેશે. જેની સામે તેટલું જ યોગદાન રાજ્ય સરકાર આપશે.

⇒ જો કર્મચારી દર મહિને 14% યોગદાન આપે તો તેને છેલ્લા પગારના 40% રકમ ગેરેન્ટેડ પેન્શન તરીકે મળી શકે.

## [*] કોટિયા ગ્રામ પંચાયત વિવાદ.

⇒ તાજેતરમાં ઓડિશા અને આંધ્રપ્રદેશ વચ્ચે કોરાપુટ જિલ્લાના કોટિયા ગ્રામ પંચાયત હેઠળના ગામો પર પોતપોતાનો અધિકારનો દાવો કરવામાં આવી રહ્યો છે.

⇒ આ બંને વચ્ચેનો પ્રાદેશિક વિવાદ પાંચ દાયકાઓ જૂનો છે પરંતુ તે હાલ વધુ પ્રમાણમાં સક્રીય થયા.

⇒ બંને રાજ્યોએ કોટિયા ગ્રામ પંચાયત અને 22 મહેસુલીગામ અને સાત ગામડાઓના વિવાદ સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે.

## [*] સિયોમ બ્રિજ.

⇒ કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે અરૂણાચલ પ્રદેશમાં સિયોમ નદી પરના 'સિયોમ બ્રિજ'નું ઉદ્દઘાટન કર્યું.

⇒ સિયોમ નદી બ્રહ્મપુત્રા નદીમાંથી નિકળે છે અને અરૂણાચલ પ્રદેશના પશ્ચિમ સિયાંગ જિલ્લામાંથી પસાર થાય છે.

⇒ આ બ્રિજનું નિર્માણ કાર્ય બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO) દ્વારા કરવામાં આવ્યું છે.

---

## ||| કરન્ટ ઈન શોર્ટ |||

[*] ફ્રેંચ ડિફેન્ડર રાફેલ વર્નેએ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ જાહેર કરી.

[*] મણપુરમ ફાયનાન્સના MD અને CEO વી.પી. નંદકુમારને વેપાર ક્ષેત્રની તેમની ઉપલબ્ધિઓ માટે હુરુન ઈન્ડિયા પુરસ્કાર 2022 થી સન્માનિત કરાયા.

[*] પેંગ્વીન રેન્ડમ હાઉસ ઈન્ડિયાએ 'ધ બેસ્ટ ઓફ સત્યજીત રે' પુસ્તક પ્રકાશિત કરી.

[*] ચૂંટણીમાં એક જ વ્યક્તિ દ્વારા બે સીટ પર લડવા પર પ્રતિબંધ મુક્તી અરજી સુપ્રીમ કોર્ટે રદ કરી.

[*] આંધ્રપ્રદેશનું શ્રીશૈલમ મંદિરનો વિકાસ કરવા માટે મંદિરનો પ્રસાદ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો.

GPSC

# ✱ 1 ફેબ્રુઆરી - 2023 ✱

## ✱ વિશ્વનો સૌથી વધુ દૂધ ઉત્પાદક દેશ - ભારત.

⇒ ખાદ્ય અને કૃષિ સંગઠન કોર્પોરેટ દ્વારા અપાયેલ આંકડાઓના આધારે ભારત દુનિયાનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ બન્યો.

⇒ વર્ષ 2021-22માં વૈશ્વિક દૂધ ઉત્પાદનમાં ભારતે 24% યોગદાન આપ્યું. જે પાછલા આઠ વર્ષમાં 51% વૃદ્ધિ દર્શાવે છે.

⇒ ભારતનું 2021-22નું ઉત્પાદન વધીને 220 મિલિયન ટન થયું.

## ✱ કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં 5 ન્યાયાધીશોની નિયુક્તિ કરી.

⇒ આ નિયુક્તિથી ન્યાયાધીશોની સંખ્યા 32 થઈ.

⇒ ન્યાયમૂર્તિ પંકજ મિથલ (મુ.ન્યા. રાજસ્થાન HC)

⇒ ન્યાયમૂર્તિ સંજય કરોલ (મુ.ન્યા. પટના HC)

⇒ ન્યાયમૂર્તિ પી.વી. સંજય કુમાર (મુ.ન્યા. મણિપુર HC)

⇒ ન્યાયમૂર્તિ અહસાનુદ્દીન અમાનુલ્લાહ, (ન્યાયા. પટના HC)

⇒ ન્યાયમૂર્તિ મનોજ મિશ્રા. (ન્યાયા. ઈલાહાબાદ HC)

## ✱ ગુરૂ બન્યો સૌથી વધુ ઉપગ્રહ ધરાવતો ગ્રહ.

⇒ ગુરૂએ સૂર્યમંડળમાં સૌથી વધુ ઉપગ્રહ ધરાવતા ગ્રહ શનિને પાછળ છોડયો.

⇒ ભૂગોળવિદોએ ગુરૂના ઓર્બિટમાં કુલ 12 ચંદ્ર હોવાનો અભ્યાસ કરતાં 83 ચંદ્ર ધરાવતા શનિને પાછળ છોડ્યો.

⇒ સમગ્ર સંશોધન કાર્નેગી ઈન્સ્ટિટ્યૂશન ફોર સાયન્સના ખગોળશાસ્ત્રી સ્કોટ શેપર્ડ દ્વારા કરાયું.

⇒ ગુરૂ સૂર્ય મંડળનો સૌથી મોટો ગ્રહ છે જેને સૂર્યની પરિક્રમા માટે 11.8 વર્ષ લાગે છે.

⇒ ગુરૂ તેના વાતાવરણમાં મીથેન, પાણી, એમોનિયા, હાઇડ્રોજન અને હિલિયમ ધરાવે છે

⇒ ગુરૂનો સૌથી મોટો ચંદ્ર ગેનિમીડ છે.

## ✱ અરબી અકાદમી મુંબઈ.

⇒ પ્રધાનમંત્રી મોદી મુંબઈ ખાતે અરબી અકાદમીનો ઉદ્ઘાટન કરશે.

⇒ આ અકાદમી દાઉદી વ્હોરા સમુદાય માટે સ્થાપવામાં આવી છે.

⇒ કાર્યક્રમમાં દાઉદી વ્હોરા સમુદાયના નેતા પરમ પાવન સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન હાજર રહેશે.

UPSC, GPSC વર્ગ 1, 2 અને વર્ગ 3 (પ્રિલીમ/મુખ્ય) તથા કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે

આ બુક તો વાંચવી જ પડે...

**બંધારણ અને રાજવ્યવસ્થા**

એક બુક, બધી પરીક્ષાઓ



Crack GPSC easily with...
Crack GPSC

સ્પેશ્યલ થેન્ક્સ
એમ. કે. પ્રજાપતિ 'આહ્નિક'
(ડે. કલેક્ટર)

UPSC, GPSC વર્ગ 1, 2 અને વર્ગ 3 (પ્રિલીમ/મુખ્ય) તથા કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે

આ બુક તો વાંચવી જ પડે...

**ભારતીય કલા અને સંસ્કૃતિ**

એક બુક, બધી પરીક્ષાઓ



Crack GPSC easily with...
Crack GPSC

સ્પેશ્યલ થેન્ક્સ
એમ. કે. પ્રજાપતિ 'આહ્નિક'
(ડે. કલેક્ટર)

UPSC, GPSC વર્ગ 1, 2 અને વર્ગ 3 (પ્રિલીમ/મુખ્ય) તથા કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે

આ બુક તો વાંચવી જ પડે...

**અર્થશાસ્ત્ર**

એક બુક, બધી પરીક્ષાઓ



Crack GPSC easily with...
Crack GPSC

સ્પેશ્યલ થેન્ક્સ
નમ્રતા પ્રજાપતિ
(Bank Employee)

GPSC વર્ગ 1, 2 અને વર્ગ 3 (પ્રિલીમ/મુખ્ય) તથા કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે

આ બુક તો વાંચવી જ પડે...

**હું છું 'ગુજરાત'**

એક બુક, બધી પરીક્ષાઓ



Crack GPSC easily with...
Crack GPSC

સ્પેશ્યલ થેન્ક્સ
એમ. કે. પ્રજાપતિ 'આહ્નિક'
(ડે. કલેક્ટર)

## [*] વિશ્વની સૌથી પ્રતિભાશાળી વિદ્યાર્થી

⇒ ભારતીય અમેરિકી છાત્રા (વિદ્યાર્થીની) નતાશા પેરિયાનાયગમ જોન્સ હોપકિન્સ સેન્ટર ફોર ટેલેન્ટેડ યૂથની દુનિયાની સૌથી પ્રતિભાશાળી વિદ્યાર્થીની યાદીમાં સતત બીજા વર્ષે સ્થાન પામી.

⇒ તેઓ ન્યૂ જર્સી, સંયુક્ત રાજ્ય અમેરિકામાં ફ્લોરેન્સ એમ ગૌડિનીર મિડલ સ્કૂલમાં અભ્યાસ કરે છે.

⇒ 76 દેશોના 15,000 થી વધુ વિદ્યાર્થીઓ પર થયેલા અભ્યાસના આધારે આ પરિણામ નક્કી થયું.

## [*] સાયબર સંગિની કાર્યક્રમ

⇒ OPPO ઇન્ડિયાએ દેશમાં 10,000 મહિલાઓને સાયબર સુરક્ષા અને સાયબર સતર્કતા વિશે તાલીમ આપવા સાયબર સંગિની કાર્યક્રમ શરૂ કર્યો.

⇒ કાર્યક્રમમાં જરૂરી કૌશલ્ય પ્રદાન કરી સાયબર સુરક્ષા એમ્બેસેડર નિયુક્ત કરવામાં આવશે.

⇒ આ માટે તમામને હાલના સાયબર સુરક્ષા સંબંધિત કાયદા વિશે શિક્ષણ આપવામાં આવશે.

---

## /// કરન્ટ ઈન શોર્ટ ///

[*] RBI એ રેપોરેટમાં 25 બેસિસ પોઈન્ટનો વધારો કરતા 6.5% થયો.

[*] ફોન પે ભારતીય અને વિદેશીઓના નાણા અદલ બદલ કરવાની સવલત આપતી ભારતની પ્રથમ ફિનટેક એપ બની.

[*] પાકિસ્તાનના વિકેટકિપર કામરાન અકમલે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી.

[*] સત્યનારાયણ રાજૂ કેનરા બેંકના નવા MD અને CEO નિયુક્ત થયા.

[*] દક્ષિણ કોરિયાના 108 બૌદ્ધ તીર્થયાત્રીઓ 43 દિવસની 1100 KM ની પેદલ યાત્રાથી ભારતની મુલાકાતે આવશે.

[*] NTPC એ સતત છઠ્ઠીવખત 'ATD (એસોસિએશન ફોર ટેલેન્ટેડ ડેવલપમેન્ટ) બેસ્ટ એવોર્ડ્સ 2023' મેળવ્યો.

[*] ISRO-NASA એ પૃથ્વી અવલોકન માટે બનાવેલો ઉપગ્રહ NISAR ભારતથી લોન્ચ કરવામાં આવશે.

# ✱ 10 ફેબ્રુઆરી - 2023 ✱

## ✱ ડિજિટલ પેમેન્ટ્સ ઉત્સવ.

⇒ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે નવી દિલ્હીમાં ડિજિટલ પેમેન્ટ્સ ઉત્સવનો શુભારંભ કર્યો.

⇒ આ ઉત્સવ G-20 ડિજિટલ ઈકોનોમી વર્કિંગ ગ્રુપ ઈવેન્ટ શહેરો - લખનઉ, હૈદરાબાદ, પૂણે, બેંગલુરુ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

⇒ કાર્યક્રમમાં ડિજિટલ પેમેન્ટને વૈશ્વિક નેતૃત્વમાં ભારતની યાત્રાના દર્શન કરાવવા G-20 સહ બ્રાન્ડેડ QR કોડ અને કોફી ટેબલ બુકનું પણ વિમોચન કરવામાં આવ્યું.

## ✱ પુદુમઈ પેન યોજના - તમિલનાડુ.

⇒ તમિલનાડુના મુ. મંત્રી એમ. કે. સ્ટાલિને ચૈન્નઈમાં 'પુદુમઈ પેન' શિષ્યવૃત્તિ યોજનાની બીજી આવૃત્તિનો શુભારંભ કર્યો.

⇒ આ યોજના હેઠળ સરકારી શાળાઓમાં ઉચ્ચ શિક્ષણ માટે પ્રતિ માસ રૂ. 1000ની શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

⇒ આ યોજનાની પ્રથમ આવૃત્તિ 2022માં શરૂ કરવામાં આવી હતી.

## ✱ રાજા રામમોહનરાય રાષ્ટ્રીય પુરસ્કાર.

⇒ વયોવૃદ્ધ પત્રકાર ડૉ. એ.બી.કે. પ્રસાદને પત્રકારિતામાં ઉત્કૃષ્ટતા માટે પ્રતિષ્ઠિત 'રાજા રામમોહનરાય રાષ્ટ્રીય પુરસ્કાર' થી સન્માનિત કરવામાં આવ્યા.

⇒ પ્રસાદને આંધ્રપ્રદેશની તમામ મુખ્ય પત્રિકાઓમાં સંપાદક હોવાનો સન્માન પ્રાપ્ત થયું છે.

⇒ 2004થી 2009 દરમિયાન સંયુક્ત આંધ્રપ્રદેશમાં રાજભાષા આયોગના અધ્યક્ષ તરીકે કાર્ય કર્યું હતું.

⇒ આ પુરસ્કાર પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા અપાયો. જેના અધ્યક્ષ ન્યાયમૂર્તિ રંજના પ્રકાશ દેસાઈ છે.

## ✱ ગ્લોબલ ક્વોલિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ડેક્સ (GQII). 2021.

⇒ ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ ભારતની રાષ્ટ્રીય માન્યતા પ્રણાલીને GQII 2021માં દુનિયામાં 5મું સ્થાન આપ્યું.

⇒ GQII - Qualityના આધારે વિશ્વની 184 અર્થવ્યવસ્થાઓને રેંક આપે છે.

⇒ ભારત સમગ્ર QI પ્રણાલી રેન્કિંગ 10 સાથે ટોચ પર રહ્યું.

[*] 10 ફેબ્રુઆરી - વિશ્વ કઠોળ દિવસ.

⇒ સમગ્ર વિશ્વમાં કઠોળના મહત્ત્વને ઉજાગર કરવા UN દ્વારા આ દિવસ ઉજવાય છે.

⇒ 2013માં UN મહાસભાએ 2016ના વર્ષને આંતરરાષ્ટ્રીય કઠોળ વર્ષ જાહેર કર્યું હતું.

⇒ વર્ષ 2023ની થીમ - 'પલ્સેસ ફોર અ સસ્ટેનેબલ ફ્યૂચર'.

[*] ઓપરેશન દોસ્ત.

⇒ સીરિયા અને તુર્કીમાં આવેલા ભૂકંપ બાદ બંને દેશોને સહાય કરવા ભારત સરકારે 'ઓપરેશન દોસ્ત' શરૂ કર્યું.

⇒ ઓપરેશન અંતર્ગત પ્રભાવિત વિસ્તારોમાં હોસ્પિટલ, દવા અને બચાવ કર્મચારી તૈનાત કરવામાં આવશે.

⇒ ભારતીય વાયુસેનાએ C17 ગ્લોબમાસ્ટર વિમાનને પણ સેવામાં મોકલ્યું છે.

⇒ સીરિયાના રાષ્ટ્રપતિ - બશર-અલ અસદ
સીરિયાની રાજધાની - દમિશ્ક.
સીરિયાની રાષ્ટ્રભાષા - અરબી
સીરિયાની મુદ્રા - સીરિયાઈ પાઉન્ડ.

---

## /// કરન્ટ ઈન શોર્ટ ///

[*] કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે મુંબઈના આઝાદ મેદાન ખાતે રાષ્ટ્રીય સંસ્કૃતિ મહોત્સવ - 2023નું આયોજન કર્યું.

[*] સ્કાય એરે ડ્રોન માટે ભારતની પ્રથમ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ લોન્ચ કરી.

[*] મોબિક્વિક UPI પર ક્રેડિટ કાર્ડનું સમર્થન કરનાર પ્રથમ ફિનટેક એપ બની.

[*] MRF લિમિટેડના અધ્યક્ષ કે.એમ. મેમનને ATMA (ઓટોમોટિવ ટાયર મેન્યુફેક્ચરર્સ એસોસિએશન) લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ અપાયો.

[*] ભારતીય ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણને પ્રથમવાર ભારતના જમ્મુ-કાશ્મીરમાં લિથિયમનો ભંડાર મળ્યો.

# [*] 11 ફેબ્રુઆરી-2023 [*]

## [*] ઈસરોનું સૌથી નાનું રોકેટ SSLV-ડી2.

⇒ ઈસરોએ તેના સૌથી નાના રોકેટ SSLV-ડી2 (સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ)નું સફળ પ્રક્ષેપણ કર્યું.

⇒ આ લોન્ચિંગ આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સ્થિત સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતેથી કરાયું.

⇒ SSLV-ડી2એ ત્રણ ઉપગ્રહોનું પ્રક્ષેપણ પૃથ્વીની નીચલી કક્ષામાં સફળતાપૂર્વક કર્યું.

## [*] ગુજરાતના પ્રથમ મહિલા ચીફ જસ્ટિસ- સોનિયા ગોકાણી.

⇒ ગુજરાત HCના નવા ચીફ જસ્ટિસ તરીકે સોનિયા ગોકાણીની નિમણૂંક હાલના ચીફ જજ અરવિંદ કુમારની સુપ્રીમકોર્ટમાં બઢતી થતાં કોલેજિયમ મુજબ કરવામાં આવી.

⇒ જોકે સોનિયા ગોકાણી ૨૫ ફેબ્રુઆરીએ નિવૃત્ત થતા ફરીથી આ પદ ખાલી પડશે.

⇒ મૂળ જામનગરના જસ્ટિસ સોનિયા ગોકાણીએ કે.પી.શાહ કોલેજમાં લેક્ચરર તરીકે નોકરી શરૂ કર્યા બાદ ૨૦૧૧માં HCમાં જજ તરીકે નિમણૂંક થઈ.

⇒ તેઓ ટાડાની સ્પેશિયલ કોર્ટના જજ રહી ચુક્યા છે ઉપરાંત ૨૦૦૩થી ૨૦૦૮ સુધી આતંકવાદ સંબંધિત ચુકાદાઓમાં મહત્ત્વનો ભાગ ભજવી ચુક્યા છે.

## [*] ક્વાડ સાયબર ચેલેન્જ.

⇒ ચતુર્ભુજ સુરક્ષા સંવાદ અથવા ક્વાડે તેમના દેશોમાં સાઈબર સુરક્ષામાં સુધારો લાવવા સાર્વજનિક અભિયાન 'ક્વાડ સાયબર ચેલેન્જ' શરૂ કર્યું.

⇒ ક્વાડે ઈન્ડો-પેસિફિક અને અન્ય દેશોના ઈન્ટરનેટ ઉપયોગકર્તાઓ-ની સમસ્યાઓ બાબતે 'સુરક્ષિત અને વ્યાવહારીપૂર્વક ઈન્ટરનેટનો ઉપયોગ' શિર્ષક હેઠળ ચર્ચાનું આયોજન કર્યું.

⇒ Quadમાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા સામેલ છે.

## (*) ૧૧ ફેબ્રુઆરી - વિજ્ઞાનમાં મહિલાઓ અને બાળકીઓ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ.

⇒ વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયર અને ગણિત ક્ષેત્રમાં મહિલાઓને સન્માન આપવા તથા તેમની ભાગીદારી વધારવા આ દિવસ મનાવાય છે.

⇒ UN મહાસભાએ ૨૦૧૫માં આ દિવસની શરૂઆત કરી હતી.

⇒ ૨૦૨૩ની થીમ - IDEAS (ઈનોવેટ, ડિમોન્સ્ટ્રેટ, એલિવેટ, એડવાંસ, સસ્ટેન)

## (*) તાંઝાનિયામાંથી દેડકાંની નવી પ્રજાતિ મળી.

⇒ શોધકર્તાઓએ તાંઝાનિયામાંથી ઉભયજીવી સ્પાઈની-થ્રોટેડ રીડ દેડકાની નવી પ્રજાતિ શોધી.

⇒ આ દેડકાની વિશેષતા એ છે કે તે બોલતો નથી કે કોઈ પણ પ્રકારનો અવાજ પણ કરતો નથી.

⇒ તાંઝાનિયાના ઉકાગુરુ પર્વતમાં મળેલ હાયપરોલિયસ ઉકાગુરુ-એન્સિસ પ્રકારનો આ દેડકો અન્ય કરતા અલગ પ્રજાતિનો છે.

---

## /// કરન્ટ ઈન શોર્ટ ///

(*) અલાહાબાદ HCના ચીફ જજ રાજેશ બિંદલ અને ગુજરાત HCના ચીફ જજ અરવિંદ કુમારની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે વરણી થઈ.

(*) NASA એ અંતરિક્ષયાત્રી જો અકાબાને હ્યુસ્ટનના જોનસન સ્પેસ સેન્ટરમાં અંતરિક્ષ યાત્રી કાર્યાલયના પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા.

(*) મહારાષ્ટ્ર સરકારે પ્રસિદ્ધ સામાજિક કાર્યકર્તા, ઉપદેશક અને સુધારક અપ્પાસાહેબ ધર્માધિકારીને વર્ષ ૨૦22 માટે મહારાષ્ટ્ર ભૂષણ પુરસ્કારથી સન્માનિત કરાયા.

(*) અર્બન-૨૦ સિટી શેરપાઓની બેઠક ગુજરાતના અમદાવાદ ખાતે શરૂ થઈ.

(*) દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાએ દેશમાં વીજ સંકટને લઈ 'રાષ્ટ્રીય આપત્તિની સ્થિતિ' જાહેર કરી.

# ⊛ 12 ફેબ્રુઆરી - 2023 ⊛

## ⊛ વન ફેમિલી, વન આઈડી પોર્ટલ - ઉત્તરપ્રદેશ.

⇒ ઉત્તર પ્રદેશ સરકારે પ્રતિ પરિવાર એક નોકરી પ્રસ્તાવ લાગૂ કરવાના ઉદ્દેશ્યથી આ પોર્ટલ લોન્ચ કર્યું.

⇒ એવા પરિવારો કે જે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા યોજનાના લાભાર્થી ન હોય તેમને આ યોજનાનો લાભ મળશે.

⇒ યોજનાના લાભ માટે રાશનકાર્ડને જ પુરાવો માનવામાં આવશે.

## ⊛ ભારત - ASEAN ડિજિટલ કાર્ય યોજના - 2023.

⇒ નવી દિલ્લી ખાતે ASEAN ડિજિટલ મંત્રિઓની ત્રીજી બેઠકમાં ભારત- ASEAN ડિજિટલ કાર્ય યોજના- 2023 ને મંજૂરી આપી.

⇒ આ યોજનામાં સાઈબર સુરક્ષામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા સૂચના અને પ્રસારણ ક્ષેત્રને વિકસિત કરી તે અંગે લોકોને માહિતગાર કરવાનો ઉદ્દેશ્ય છે.

⇒ આ બેઠકનો વિષય: 'સિનર્જી ટુવાર્ડ્સ એ સસ્ટેનેબલ ડિજિટલ ફ્યૂચર'

⇒ ASEAN ના સભ્ય રાષ્ટ્રો - ઈન્ડોનેશિયા, મલેશિયા, ફિલીપાઈન્સ, સિંગાપુર, થાઈલેન્ડ, બ્રુનેઈ, વિયેતનામ, લાઓસ, મ્યાનમાર, કંબોડિયા.

⇒ ASEAN નું આદર્શ વાક્ય - 'વન વિઝન, વન આઈડેન્ટિટી, વન કમ્યુનિટી'.

## ⊛ વિશ્વ યુનાની દિવસ - 11 ફેબ્રુઆરી.

⇒ વિશ્વ યુનાની દિવસ - 11 ફેબ્રુઆરીએ હાકિમ અજમલ ખાનની જન્મજયંતી તરીકે મનાવાય છે.

⇒ હકીમ અજમલ ખાન એક પ્રસિદ્ધ ભારતીય યૂનાની વિદ્વાન અને યૂનાની ચિકિત્સા માં વૈજ્ઞાનિક અધ્યયનના સ્થાપક હતા.

⇒ યૂનાની એક પ્રકારની ઔષધી છે જે અરબી અને ફારસીઓ દ્વારા વિકસાવાય.

⇒ 2023 ના વિષય - 'યૂનાની મેડિસીન ફોર પબ્લિક હેલ્થ'

## (*) ચીનનું સર્વેલન્સ બલૂન અને અમેરિકા.

⇒ તાજેતરમાં અમેરિકન એરસ્પેસમાં એવા મળેલા ચીનના સર્વેલન્સ બલૂનને અમેરિકાએ તોડી પાડ્યું.

⇒ આ પ્રકારના બલૂનનો ઉપયોગ દુર્ગમ ભૂપ્રદેશની મોજણી માટે કરવામાં આવે છે જેનો પ્રથમવિશ્વયુદ્ધમાં વ્યાપક પણ ઉપયોગ થયો હતો.

⇒ આ પ્રકારના બલૂન કોમ્યુનિકેશન સિગ્નલ અટકાવવા, ફોન કોલ્સ ટેપ કરવા, ઈ-મેઈલ અને ડિજિટલ સંચારના અન્ય સ્વરૂપોને મોનિટર કરવા ઉપયોગમાં લેવાય છે.

⇒ એરસ્પેસ સાર્વભૌમત્વનો સિદ્ધાંત પેરિસ કન્વેન્શન ઓન રેગ્યુલેશન ઓફ એરિયલ નેવિગેશન (1919) અંતર્ગત સાર્વભૌમ રાજ્યનો તેના એરસ્પેસના ઉપયોગને નિયંત્રિત કરવાનો અને ઉડ્ડયન કાયદાનો અમલ કરવાનો મૂળભૂત અધિકાર છે.

---

## //// કરન્ટ ઈવેન્ટ શોર્ટ ////

(*) 12 ફેબ્રુઆરી - ચાર્લ્સ ડાર્વિન દિવસ (ઉત્ક્રાંતિવાદના જનક)

(*) મલ્દોવાની પ્રધાનમંત્રી નતાલિયા ગવરિલિતાએ રાષ્ટ્રપતિ મૈયા સૈંડૂને રાજીનામું સોંપ્યું. (મલ્દોવાની રાજધાની- ચિસિનાઉ)

(*) ઉત્તરાખંડ રાજ્ય સરકારે પરીક્ષામાં નકલ અને ચોરી અટકાવવા 10 કરોડનો દંડ, 10 વર્ષ અથવા આજીવન જેલ અને તમામ સંપત્તિ જપ્તીનો કાયદો બનાવ્યો.

(*) TCS કંપની દુનિયાની સૌથી પ્રશંસિત કંપનીની યાદીમાં સામેલ થઈ.

(*) Myntra એ રણવીર કપૂરને પોતાના બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા.

(*) તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં વેધર સ્ટેશન શરૂ કરાયું.

(*) ઓસ્ટ્રેલિયાએ 18 વર્ષથી વધુ ઉંમરના લોકોને કોવિડ-19 વેક્સિનનો પાંચમો ડોઝ આપવાની શરૂઆત કરી.

# * 13 ફેબ્રુઆરી - 2023 *

## * તુર્કીમાં ભૂકંપ અને તેનું કારણ.

⇒ તાજેતરમાં તુર્કીમાં 7.8ની તીવ્રતાનો ભૂકંપ આવવાનું કારણ એનાટોલિયા ટેક્ટોનિક બ્લોક તરીકે ઓળખાતી પ્લેટ પ્રખ્યાત રિફ્ટ પ્લેટ બાઉન્ડ્રી સાથે અથડાઈ હતી તે હતું.

⇒ પૂર્વીય ભૂમધ્ય પ્રદેશના ~~ટેક્ના~~ ટેક્ટોનિક જેમાં તુર્કી, સીરિયા અને જોર્ડનનો સમાવેશ થાય છે, તે આફ્રિકન, અરેબિયન અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટો તેમજ એનાટોલિયા ટેક્ટોનિક બ્લોક વચ્ચેની જટિલ ક્રિયાપ્રતિક્રિયાનું આ પરિણામ છે.

⇒ તુર્કી એનાટોલિયા ટેક્ટોનિક પ્લેટ પર સ્થિત છે જે 'વિનાશક બિંદુ' તરીકે ઓળખાય છે.

⇒ એક અંદાજ મુજબ તુર્કીનો લગભગ 95% વિસ્તાર ભૂકંપ માટે સંવેદનશીલ છે.

## * બાલ વિવાહ અને આસામ રાજ્ય.

⇒ આસામ સરકારે રાજ્યમાં બાળ લગ્નો સામેની ઝુંબેશમાં છેલ્લા અમુક દિવસોમાં 2000થી વધુ પુરુષોની ધરપકડ કરી.

⇒ પોલીસ છેલ્લા સાત વર્ષમાં થયેલા બાળલગ્નોમાં સંડોવાયેલાઓની ધરપકડ કરશે અને ખાસ 'મુલ્લાઓ, કાજીઓ, પાદરીઓ, બ્રાહ્મણો કે જેમણે લગ્ન કરાવ્યા તેમના પર ખાસ નજર રાખશે.

⇒ 14 વર્ષથી ઓછી ઉંમરની છોકરી સાથે લગ્ન કરનારા પુરુષની POCSO હેઠળ ધરપકડ કરવામાં આવશે. જ્યારે 14 થી 18 વર્ષની વયની છોકરીઓ સાથે લગ્ન કરનાર પર બાળ લગ્ન નિષેધ અધિનિયમ (PCMA), 2006 હેઠળ કેસ કરાશે.

## * 13 ફેબ્રુઆરી - રાષ્ટ્રીય મહિલા દિવસ

⇒ મહિલાઓના અધિકાર અને સ્વતંત્રતા બાબતે સરોજિની નાયડુના યોગદાનને માન્યતા આપવા માટે તેમના જન્મદિવસને ભારતમાં મહિલા દિવસ તરીકે મનાવાય છે.

⇒ દેશમાં વિશેષ રીતે રાજનીતિ, સંસ્કૃતિ અને અર્થવ્યવસ્થા ક્ષેત્રમાં મહિલાઓની ઉપલબ્ધિઓને સન્માનિત કરવાનો ઉદ્દેશ્ય આ દિવસનો રહ્યો છે.

⇒ સરોજિની નાયડુ 'ભારતની કોયલ' તરીકે ઓળખાય છે.

(*) સાયપ્રસના નવા રાષ્ટ્રપતિ- નિકોસ ક્રિસ્ટોડૌલાઈડ્સ.

⇒ ક્રિસ્ટોડૌલાઈડ્સે તેમના પ્રતિસ્પર્ધી એન્ડ્રિયાસ માવરોયાનીને હાર આપી જીત મેળવી.

⇒ નિકોસને ડેમોક્રેટિક પાર્ટી, મૂવમેન્ટ ફોર સોશ્યલ ડેમોક્રેસી અને ડેમોક્રેટિક અલાઈનમેન્ટનું સમર્થન મળ્યું છે.

⇒ અગાઉ તેઓ સરકારી પ્રવક્તા અને વિદેશમંત્રી રહી ચૂક્યા છે.

(*) સ્નીફિંગ રોબોટ :-

⇒ ઈઝરાયેલના વિજ્ઞાનીઓએ બીમારીની જાણકારી આપતા અને સુરક્ષામાં સહાયક એવા સ્નીફિંગ રોબોટની શોધ કરી.

⇒ આ રોબોટ બાયો-હાઈબ્રીડ મોડલ છે જે સૂંઘવાની શક્તિ આધારિત કામ કરશે.

(*) 12મું વિશ્વ હિન્દી સંમેલન.

⇒ ભારતના વિદેશ મંત્રાલય દ્વારા ફિજી સરકારના સહયોગથી આ સંમેલન આયોજિત કર્યું.

⇒ આ સંમેલન ફિજીના 'નદીજિલ્લા' ખાતે આયોજિત થશે.

⇒ સંમેલનનું ઉદ્ઘાટન વિદેશ મંત્રી એસ. જયશંકર અને ફિજી પ્રધાનમંત્રી સિતિવેની રાબુકા કરશે.

⇒ થીમ:- હિંદી-ટ્રેડિશનલ નોલેજ ટૂ આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ.

⇒ 11મું વિશ્વ હિન્દી સંમેલન ૨૦૨૨માં મોરેશિયસમાં આયોજિત કરાયું હતું.

---

## |||| કરન્ટ ઈન શોર્ટ ||||

(*) પ્રધાનમંત્રી મોદીએ 'ધ રનવે ટૂ અ બિલિયન ઓપોર્ચ્યુનિટીઝ' હેઠળ એરો ઈન્ડિયા-14નું બેંગલુરુમાં ઉદ્ઘાટન કર્યું.

(*) જી૨૦ કૃષિ કાર્ય સમૂહની પ્રથમ બેઠક ઈન્દોર ખાતે શરૂ થઈ.

(*) પ્રધાનમંત્રી મોદીએ સત્યાર્થ પ્રકાશના લેખક સ્વામી દયાનંદ સરસ્વતીની ૨૦૦મી જયંતીના કાર્યક્રમની શરૂઆત કરી.

(*) અનુરાગ ઠાકુરે 'ફોર્મુલા ઈ-ચેમ્પિયનશિપ'ને લીલી ઝંડી બતાવી.

# ✱ 14 ફેબ્રુઆરી - ૨૦૨૩ ✱

## ✱ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ 13 નવા રાજ્યપાલ નિયુક્ત કર્યા.

→ લે. જ. કૈવલ્ય ત્રિવિક્રમ - અરૂણાચલ પ્રદેશ
→ લક્ષ્મણ પ્રસાદ આચાર્ય - સિક્કિમ
→ સી.પી. રાધાકૃષ્ણન - ઝારખંડ
→ શિવ પ્રતાપ શુક્લા - હિમાચલ પ્રદેશ
→ એસ. અબ્દુલ નજીર - આંધ્રપ્રદેશ
→ ગુ. ચી. કટારિયા - અસમ
→ અનુસુઈયા ઉઈકે - મણિપુર
→ લા ગણેશન - નાગાલેન્ડ
→ ફાગૂ ચૌહાણ - મેઘાલય
→ બિસ્વા ભૂષણ હરિચંદન = છત્તીસગઢ
→ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર = બિહાર
→ રમેશ બૈસ = મુંબઈ (મહારાષ્ટ્ર)

## ✱ જાફના સાંસ્કૃતિક કેન્દ્ર.


→ શ્રીલંકામાં બનાવાયેલ પ્રતિષ્ઠિત જાફના સાંસ્કૃતિક કેન્દ્ર (JCC) ના લોગોને લોન્ચ કરવામાં આવ્યો.
⇒ આ લોગો ભારત સરકારના અનુદાનથી બનાવાયો છે.
⇒ ભારત જાફના વિશ્વવિદ્યાલયમાં આર્થિક રૂપે કમજોર પરિવારના 100 વિદ્યાર્થીઓને નાણાકીય સહાય આપશે.

## ✱ મંગળ ગ્રહ પર જરણાંના અવશેષો.

⇒ અમેરિકી અંતરીક્ષ એજન્સી NASAના ક્યૂરિયોસિટી રોવરે મંગળ પર્વતની તળેટીમાં પ્રાચીન જરણાંઓના અવશેષ મેળવ્યા.
⇒ મંગળના સલ્ફેટ-બિયરિંગ યૂનિટ નામક ક્ષેત્રમાં આ પ્રમાણ મળ્યું.
⇒ ક્યુરિયોસિટી રોવર ૨૦૧૨થી મંગળ ની સપાટી પર સંશોધન કરી રહ્યું છે.

## ✱ 13 ફેબ્રુઆરી - વિશ્વ રેડિયો દિવસ.

⇒ રેડિયોના મહત્વને ઉજાગર કરવા તથા તેના પ્રત્યે જાગૃતતા લાવવા માટે આ દિવસ મનાવાય છે.
⇒ આ દિવસ UNESCO એ ૨૦૧૧માં તેના ૩૬માં સંમેલનમાં જાહેર કર્યો.
⇒ ૨૦૨૩ની થીમ - 'રેડિયો એન્ડ પીસ'


કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ
2021 - 22 ની પરીક્ષાઓમાં
કરન્ટ અફેર્સ
PSI
100 %
બિન
સચિવાલય
100 %
Dy. SO
48 માંથી
44 પ્રશ્નો
સિનિયર કલર્ક
100 %
ATDO
100 %
GPSC
ક્લાસ 1, 2
2023
54
પ્રશ્નો
સીધા Crack GPSC માંથી જ
સરકારી નોકરીની તૈયારી કરવા આજે જ ડાઉનલોડ કરો.
સ્પર્ધાત્મક પરીક્ષા ક્ષેત્રે
5,00,000+
યુઝર્સ ધરાવતી ગુજરાતની પ્રથમ એપ
7600051070
ગુજરાતની No. 1 એપ
CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - Dy. SO / મામલતદાર
બિનસચિવાલય કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ
RFO | TAT | TET | HTAT

(*) મિશ્રના રાષ્ટ્રપતિએ IIT ના વિદ્યાર્થીઓને પુરસ્કૃત કર્યા.

⇒ IIT ઈન્દોરના વિદ્યાર્થીઓને દુબઈમાં વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટમાં m-gov પુરસ્કાર અપાયા.

⇒ નિયતિ તોતાલા અને નીલ કલ્પેશકુમાર પરિખને મિશ્રના રાષ્ટ્રપતિ અબ્દેલ ફત્તાહ અલ-સીસીએ સન્માનિત કર્યા.

⇒ વિદ્યાર્થીઓએ બ્લોકચેન એપનું નિર્માણ કર્યું છે જે બ્લોકચેન આધારિત રસીદ બનાવતી એપ છે.

(*) આદિ મહોત્સવ.

⇒ પ્રધાનમંત્રી મોદીએ દિલ્લીમાં મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમ ખાતે 15 દિવસીય 'આદિ મહોત્સવ' નું ઉદ્ઘાટન કર્યું.

⇒ આ મહોત્સવમાં ૨૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશના લગભગ 1000 આદિવાસી કારીગર અને કલાકારો ભાગ લેશે.

⇒ આ મહોત્સવમાં 19 રાજ્ય અને કે.શા. પ્રદેશના આદિવાસી રસોઈયા સામિલ હશે જે ૨૦ જેટલે ફૂડ સ્ટોલ લગાવશે.

——— * ——— * ——— * ———

[////] કરન્ટ ઈન શોર્ટ [////]

(*) પ્રસિદ્ધ ચિત્રકાર લલિતા લાજમીનું નિધન થયું.

(*) WPL (વુમન પ્રીમિયર લીગ) ૨૦૨૩માં સ્મૃતિ મંધાના ૨.૫ કરોડ સાથે સૌથી મોટી બોલી મેળવનાર ખેલાડી.

(*) ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ ૨૦૨૨નું મધ્યપ્રદેશ ભોપાલ ખાતે સમાપન થયું.

(*) ભારતની પ્રથમ એસી ડબલ ડેકર ઈલેક્ટ્રિક બસ મુંબઈમાં શરૂ થઈ.

(*) સાઉદી અરબ તેમની પ્રથમ મહિલા અંતરિક્ષયાત્રી રય્યાના બરનાવીને Ax-2 અંતરિક્ષ મિશન હેઠળ અંતરિક્ષમાં મોકલશે.

(*) બંગાળ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સીફૂડ શો (IISS) ની ૨૩મી આવૃત્તિની મેજબાની કરશે.

(*) ઇંગ્લેન્ડના ક્રિકેટર ઈયોન મોર્ગને ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી.

G Crack GPSC

# ✱ 15 ફેબ્રુઆરી-2023 ✱

## ✱ જી-૨૦ થીમ QR કોડ.

⇒ પેટીએમએ ભારતની જી૨૦ અધ્યક્ષતા અને ઓનલાઈન પેમેન્ટમાં ભારતના યોગદાનનું નેતૃત્વ દર્શાવવા જી૨૦ થીમ આધારિત QR (Quick Response) કોડ લોન્ચ કર્યો.

⇒ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે 'ડિજિટલ પેમેન્ટ ઉત્સવ' 2023 દરમિયાન આ QR લોન્ચ કર્યો.

⇒ પેટીએમની સ્થાપના ૨૦૧૦માં વિજય શેખર શર્માએ વન97 કમ્યુનિકેશન્સ હેઠળ કરી હતી.

⇒ ભારત અને જાપાનમાં પેટીએમનું સેવાક્ષેત્ર છે તથા તેનું મુખ્યાલય નોએડા છે.

## ✱ એન્જેલા મર્કેલ UNESCO શાંતિ પુરસ્કારથી સન્માનિત.

⇒ પૂર્વ જર્મન ચાન્સેલર એન્જેલા મર્કેલને આઈવરી કોસ્ટના યામૌસ્સોક્રોમાં ફેલિક્સ હોઉફૌએટ-બોઇગ્ની UNESCO શાંતિ પુરસ્કારથી સન્માનિત કરાયા.

⇒ એન્જેલા મર્કેલ પૂર્વ જર્મન રાજનીતિજ્ઞ અને વૈજ્ઞાનિક છે જેમણે ૨૦૦૫થી ૨૦૨૧ સુધી જર્મનીમાં ચાન્સેલર તરીકે કાર્ય કર્યું.

⇒ એન્જેલાએ ૨૦૧૫-૨૦૧૬ દરમિયાન જર્મનીમાં 1.2 મિલિયનથી વધુ પ્રવાસીઓને અનુમતિ આપી 'ઓપન-ડોર' શરણાર્થી નીતિ લાગૂ કરી.

⇒ આઈવરી કોસ્ટની રાજધાની - યામૌસ્સોક્રો
- " " રાષ્ટ્રપતિ - અલાસેન ઔટારા
- " " પ્રધાનમંત્રી - પૈટ્રિક અચી

## ✱ બાંગ્લાદેશના નવા રાષ્ટ્રપતિ - મોહમ્મદ શહાબુદ્દીન.

⇒ બાંગ્લાદેશ ચૂંટણી પંચે અવામી લીગ પાર્ટીના ઉમેદવાર મોહમ્મદ શહાબુદ્દીનને બાંગ્લાદેશના 22માં રાષ્ટ્રપતિ તરીકે જાહેર કર્યા.

⇒ તેઓ દેશમાં સૌથી લાંબો સમય સુધી રહેનાર રાષ્ટ્રપતિ બનશે.

⇒ નામાંકન કરવાની અને પરત લેવાની તમામ અવધિની સમાપ્તિ બાદ માત્ર તેઓએ જ નામાંકન કર્યું હોવાથી ~~નિર્વિ~~ નિર્વિરોધ પણ તેઓ ચૂંટાઈ આવ્યા.

## (*) સંસદમાં ભાષણનો અમુક હિસ્સો હટાવવા બાબત.

⇒ સંસદમાં લોકસભાના નેતાએ આપેલ ભાષણનો એક ભાગ સ્પીકરના આદેશથી રેકોર્ડમાંથી હટાવવામાં આવ્યો. ભાષણનો ક્યો ભાગ દૂર કરવો તે અંગેનો અધિકાર ગૃહના અધ્યક્ષને હોય છે.

⇒ બંધારણના અનુચ્છેદ 105(2) હેઠળ, સંસદના સભ્યો સંસદમાં તેમના નિવેદનો માટે ન્યાયિક કાર્યવાહીથી સુરક્ષિત હોય છે. લોકસભામાં કાર્યપ્રણાલી અને કારોબારના નિયમોના નંબર 380 હેઠળ, સ્પીકરને ચર્ચામાં ઉપયોગમાં લેવાતા કોઈ પણ અપમાનજનક, અભદ્ર અથવા અસંસદીય શબ્દ અથવા અભિવ્યક્તિને દૂર કરવાની સત્તા છે.

⇒ નિયમ 381 મુજબ, ગૃહની કાર્યવાહીનો જે ભાગ કાઢી નાખવામાં આવ્યો છે તે ફૂદડી દ્વારા સૂચવવામાં આવે છે અને 'સ્પીકરના આદેશ દ્વારા કાઢી નાખવામાં આવેલ' એવી ફૂટનોટ સામેલ કરવામાં આવે છે.

⇒ કાઢી નાખેલ બાબતો રેકોર્ડમાં ન હોવાથી મીડિયા દ્વારા પ્રસારિત થતી નથી પરંતુ જીવંત પ્રસારણ દરમિયાન તેને સાંભળી શકાય છે.

——— * ——— * ——— * ———

## //// કરંટ ઈન શોર્ટ ////

(*) જીએ ઈન્દ્રા પ્રાઈવેટ લિમિટેડ ભારતમાં દિલ્લી ખાતે દેશની પ્રથમ રાષ્ટ્રીય મેટ્રો રેલ જ્ઞાન કેન્દ્રની સ્થાપના કરશે.

(*) કેન્દ્ર સરકાર સામાન્ય વીમા વ્યવસાય માટે 'વીમા સુગમ પોર્ટલ' શરૂ કરશે.

(*) PRASAD યોજના હેઠળ કર્ણાટકના ચાર તીર્થસ્નાનો મૈસુરનું ચામુંડેશ્વરી મંદિર, ઉડુપીનું શ્રી માધવ વન, બીદરનું પાપનાશ મંદિર અને બેલગાવીનું શ્રી રેણુકા યલ્લમ્મા મંદિરનો સમાવેશ કરાયો.

(*) 14 ફેબ્રુઆરી - ભારતમાં 2007 થી માતૃપિતૃ પૂજન દિવસથી ઉજવાય છે.

(*) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાહેડ ક્રેડાઈ આયોજિત 17માં પ્રોપર્ટી શોની અમદાવાદ ખાતે મુલાકાત લીધી.

(*) ગુજરાતમાં પ્રથમવાર વલસાડ જિલ્લાની 502 શાળામાં કિશોરી સ્વાભિમાન પ્રોજેક્ટ શરૂ કરાયા.

(*) ચક્રવાત 'ગેબ્રિયલ' ન્યૂઝીલેન્ડમાં ટકરાયું.

# * 16 ફેબ્રુઆરી-2023 *

## * SWARM ડ્રોન સિસ્ટમ.

⇒ ન્યૂસ્પેસ રિસર્ચ કંપનીએ ભારતીય સેનાને SWARM ડ્રોન સિસ્ટમ સુપરત કરી.
⇒ આ સિસ્ટમથી SWARM ડ્રોન સંચાલિત વિશ્વની પ્રથમ સેના ભારતીય સેના બનશે.
⇒ 100 ડ્રોનનો સમૂહ એકસાથે ઓછામાં ઓછા 50 km ના એરિયામાં કામ કરી શકે છે.

## * ભારત અને ચિલી વચ્ચે સમજૂતી.

⇒ કેન્દ્રીય મંત્રીમંડળે કૃષિ અને તેના સંબંધિત ક્ષેત્રોમાં સહયોગ માટે ભારત અને ચિલી વચ્ચે હસ્તાક્ષર કરવાની મંજૂરી આપી.
⇒ બંને દેશ વચ્ચે વારાફરતી દર વર્ષે કૃષિ કાર્ય સમૂહની બેઠક આયોજિત કરાશે.
⇒ ચિલીની રાષ્ટ્રભાષા - સ્પેનિશ
⇒ રાષ્ટ્રપતિ - ગેબ્રિયલ બોરિક
⇒ રાજધાની - સેંટિયાગો

## * સૈન્ય અભ્યાસ - TARKASH.

⇒ ભારત - અમેરિકા વચ્ચે ચેન્નમાં આયોજિત સંયુક્ત સૈન્ય અભ્યાસ TARKASH ની છઠ્ઠી આવૃત્તિનું સમાપન કરાયું.
⇒ આ અભ્યાસ NSG (રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ) અને SOF (US સ્પેશ્યલ ઓપરેશન્સ ફોર્સ) દ્વારા આયોજિત કરાયો હતો.
⇒ આ અભ્યાસમાં પ્રથમવાર રાસાયણિક, જૈવિક, રેડિયોલોજિકલ અને પરમાણુ આતંક પ્રતિક્રિયા સામેલ કરવામાં આવી હતી.

## * વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ.

⇒ કેન્દ્રીય મંત્રીમંડળે નાણાકીય વર્ષ 2022-23 થી 2025-26 માટે 4800 કરોડની આ યોજનાને મંજૂરી આપી.
⇒ આ યોજના દેશના ઉત્તરી ભૂમિભાગના 4 રાજ્યો અને 1 કેન્દ્રશાસિત પ્રદેશમાં આવશ્યક પ્રાથમિક વિકાસ માટે અમલમાં મૂકવામાં આવશે.
⇒ યોજનાના પ્રથમ ચરણમાં 663 ગામોનો સમાવેશ કરાશે.

## (*) સર્વશ્રેષ્ઠ જિલ્લા પંચાયત સ્વરાજ ટ્રોફી

⇒ કેરળની કોલ્લમ જિલ્લા પંચાયતને વર્ષ 2021-22માં સર્વશ્રેષ્ઠ જિલ્લા પંચાયતની સ્વરાજ ટ્રોફી અપાઈ.

⇒ આ યાદીમાં કન્નૂર જિલ્લા પંચાયત બીજા સ્થાને રહી.

⇒ તિરુવનંતપુરમ નિગમે સર્વશ્રેષ્ઠ નિગમની ટ્રોફી મેળવી.

⇒ મુલનથુરુથી ગ્રામપંચાયત સર્વશ્રેષ્ઠ ગ્રામપંચાયત તરીકે પસંદ થઈ.

## (*) દાદાસાહેબ ફાળકે પુણ્યતિથિ - 16 ફેબ્રુઆરી.

⇒ ભારતીય સિનેમાના જનક તરીકે ઓળખાતા દાદા સાહેબ ફાળકે (ધુંડીરાજ ગોવિંદ ફાળકે) ફિલ્મ નિર્માતા, દિગ્દર્શક, પટકથા લેખક તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

⇒ તેમણે પ્રથમ ભારતીય ફીચર ફિલ્મ-1913માં રાજા હરિશ્ચંદ્ર બનાવી હતી.

⇒ ભારતીય સિનેમાં યોગદાન બદલ અપાતા એવોર્ડને ભારત સરકારે દાદાસાહેબ ફાળકે એવોર્ડ નામ આપ્યું છે.

Crack GPSC

--- * --- * --- * ---

## /// કરન્ટ ઈન શોર્ટ ///

(*) રાજસ્થાનના કોટા ખાતે વિજ્ઞાન કેન્દ્ર અને તારામંડળનું નિર્માણ કરાશે.

(*) UPI LITE ફીચર શરૂ કરનાર પ્રથમ બેંક પેટીએમ પેમેન્ટ્સ બેંક બની.

(*) આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતે બે દિવસીય ગ્લોબલ ટેક સમિટ (GTS) નું આયોજન કરાશે.

(*) પોલીસ કસ્ટડીમાં મોત બાબતે મહારાષ્ટ્ર બાદ ગુજરાત બીજા ક્રમે રહ્યું.

(*) સ્વિસ એર ટ્રેકિંગ ઈન્ડેક્સ મુજબ વિશ્વના સૌથી પ્રદૂષિત શહેરમાં પાકિસ્તાનના લાહોર બાદ મુંબઈનો સમાવેશ.

(*) ફિજી દેશ સંસદમાં હિન્દી ભાષાને માન્યતા આપી.

# ✱ 17 ફેબ્રુઆરી- 2023 ✱

## ✱ સૈન્ય અભ્યાસ 'ધર્મ ગાર્જિયન'- ભારત-જાપાન.

⇒ ભારત અને જાપાન વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ 'ધર્મ ગાર્જિયન' -ની ચોથી આવૃત્તિ આયોજિત કરાઈ.

⇒ આ અભ્યાસ જાપાનના શિગા પ્રીફેક્ચર કૈંપ ઈમાજૂ ખાતે આયોજિત કરાયો હતો.

⇒ ભારતીય સેનાની ગઢવાલ રાઈફલ્સ રેજીમેન્ટના સૈનિક અને જાપાન ગ્રાઉન્ડ સેલ્ફ ડિફેન્સ ફોર્સ (JGSDF) ની રેજીમેન્ટે આ અભ્યાસમાં ભાગ લીધો.

## ✱ ઈકોનોમિક ટાઈમ્સ ગ્લોબલ બિઝનેસ સમિટ.

⇒ પ્રધાનમંત્રી મોદી ધ ટાઈમ્સ ગ્રુપ દ્વારા પ્રતિવર્ષ આયોજિત ઈકોનોમિક ટાઈમ્સ ગ્લોબલ બિઝનેસ સમિટને સંબોધિત કરશે.

⇒ આ સમિટની 2023ની થીમ -'રેજિલિયન્સ, ઈન્ફ્લુએન્સ, ડોમિનેન્સ'.

## ✱ પ્રતિષ્ઠા પુરસ્કાર.

⇒ કર્ણાટક બેંકને BHIM-UPI લેવડદેવડમાં ઉચ્ચતમ પ્રતિશત સાથેના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા બદલ કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના મંત્રાલયે 'ડિજિધન એવોર્ડ્સ-2021-22' અંતર્ગત પ્રતિષ્ઠા પુરસ્કાર આપવામાં આવ્યો.

⇒ બેંક હાલ તેની પરિવર્તન યાત્રા 'KBL VIKAAS 2.0' અંતર્ગત ડિજિટલ ડ્રાઈવ 'KBL-NxT' ચલાવે છે.

⇒ કર્ણાટક બેંકનું વડુંમથક મેંગલુરુ અને CEO - એમ.એસ. મહાબલેશ્વર

⇒ બેંકનું આદર્શ વાક્ય - 'યોર ફેમિલી બેંક અક્રોસ ઈન્ડિયા'.

## ✱ DHARA -2023.

⇒ નદી સંરક્ષણ પરની આંતરરાષ્ટ્રીય બેઠકનું પૂણે ખાતે આયોજન કરવામાં આવ્યું.

⇒ DHARA (ડ્રાઈવિંગ હોલિસ્ટિક એક્શન ફોર અર્બન રિવર્સ) એ રિવર્સ સિટીઝ એલાયન્સ(RCA)ના સભ્યોની વાર્ષિક બેઠક છે.

## (*) કોઈન વેન્ડિંગ મશીન..

⇒ RBI એ કેટલીક અગ્રણી બેંકો સાથે મળીને QR કોડ આધારિત કોઈન વેન્ડિંગ મશીન (QCVM) પર એક પાયલોટ પ્રોજેક્ટ તૈયાર કર્યો.

⇒ QCVM એ કેશલેસ કોઈન ડિસ્પેન્સેશન મશીન છે જે યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસનો ઉપયોગ કરીને ગ્રાહકના બેંક ખાતામાં ડેબિટ સામે સિક્કાઓનું વિતરણ કરશે.

## (*) કેન્સરની થેરાપીમાં ઉપયોગી દુર્લભ તત્વ 'એસ્ટેટાઈન' શોધાયું.

⇒ કચ્છના રણમાં મશરૂમની ખેતી કરતા વિજ્ઞાનીઓએ કેન્સરની રેડિએશન થેરપીમાં ઉપયોગી દુર્લભ તત્વ 'એસ્ટેટાઈન' શોધ્યું. જેનાથી ટ્યુમર અને કેન્સરની સારવારની કાર્યક્ષમતામાં વધારો થશે.

⇒ GUIDE (ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેઝર્ટ ઈકોલોજી) સંસ્થાએ આ શોધ કરી.

⇒ એસ્ટેટાઈન કોઈપણ સમયે કુદરતી રીતે માત્ર 25 ગ્રામ જ ઉત્પન્ન થાય છે. એસ્ટેટાઈન એ એટમિક 85નું પ્રતીક ધરાવતું કિરણોત્સર્ગ તત્વ છે.

⇒ હાલ કોબાલ્ટ રેડિયેશનનો ઉપયોગ કીમોથેરાપીમાં થાય છે પરંતુ લાંબા સમયે તે શરીરના તંદુરસ્ત કોષોને પણ નબળા પાડે છે.

---

## |||| કરન્ટ ઈન શોર્ટ ||||

(*) ભારત અને ફિજી વચ્ચે પાસપોર્ટ ધારકોને 10 દિવસ સુધી વીઝા વગર એકબીજાના ક્ષેત્રમાં પ્રવેશ પરવાનગી માટે સમજૂતી કરવામાં આવી.

(*) કેબિનેટે ITBPની સાત નવી બટાલિયન બનાવવાના પ્રસ્તાવને મંજૂર કર્યો.

(*) કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ઉત્તરપ્રદેશના આંવલા અને ફૂલપુરમાં IFFCOના નેનો યુરિયા લિક્વિડ પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું.

(*) ન્યાયાધીશ સંદીપ મહેતાની ગૌહાટી ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિમણૂક.

(*) ભારતીય મૂળના અમેરિકી નીલ મોહન યુટ્યૂબના નવા CEO.

# [*] 18 ફેબ્રુઆરી - 2023 [*]

## [*] સ્પેન સરકારે 'માસિક ધર્મની રજા' બાબતનો કાયદો પસાર કર્યો.

⇒ સ્પેનિશ સરકારે માસિક ધર્મના દર્દથી પીડિત મહિલાઓને સવેતન રજા આપતો કાયદો પસાર કરતા આવો કાયદો લાવનાર પ્રથમ યુરોપીયન દેશ બન્યો.

⇒ આ પ્રકારની સુવિધાઓ હાલ જાપાન, ઈન્ડોનેશિયા, ઝામ્બિયામાં ઉપલબ્ધ છે.

⇒ આ કાયદા હેઠળ કર્મચારી પોતાની ઈચ્છાનુસાર રજા મેળવી શકે છે.

⇒ સ્પેનની રાજધાની - મેડ્રિડ. ⇒ સ્પેનના રા.પતિ - પેડ્રો સાંચેજ

## [*] ભારતનું પ્રથમ વેસ્ટ - ટૂ - હાઈડ્રોજન ઉત્પાદન મશિન.

⇒ ભારત સરકારે પૂણેમાં 430 કરોડના ખર્ચે આ મશીન લગાવ્યું.

⇒ આ મશીનનું નિર્માણ ગ્રીન બિલિયન લિમિટેડ કંપની દ્વારા કરવામાં આવ્યું.

⇒ સમગ્ર પ્રોજેક્ટ માટે કંપની અને પૂણે નગર નિગમ દ્વારા 30 વર્ષનો કરાર કરવામાં આવ્યો.

⇒ આ મશીનનો ઉદ્દેશ્ય રોજના 350 ટન કચરાને પ્રોસેસ કરી પ્રતિદિન દસ ટન હાઈડ્રોજનનું ઉત્પાદન કરવાનો છે.

## [*] HARBINGER - 2023.

⇒ ભારતીય રિઝર્વ બેંકે HARBINGER - 2023 ઈનોવેશન ફોર ટ્રાન્સફોર્મેશન નામક બીજો વૈશ્વિક હેકથોન આયોજિત કર્યો.

⇒ હેકથોનનો વિષય - ઈન્કલૂસિવ ડિજિટલ સર્વિસિજ.

⇒ હેકથોનના વિજેતાને 40 લાખ અને ઉપવિજેતાને 20 લાખ રૂપિયા આપશે.

⇒ હેકથોન - ડિજિટલ બેંકિંગ, વિનિમય, લવાદ અને લેનદેનમાં બ્લોકચેનના ઉપયોગ પર આધારિત રહેશે.

⇒ RBI - ગવર્નર - શક્તિકાંત દાસ

## [*] સુજલામ - સુફલામ યોજના.

⇒ ગુજરાતના મુ.મંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના ઓરજમાં સુજલામ - સુફલામ જલ અભિયાનના 6ઠ્ઠા ચરણની શરૂઆત કરી.

⇒ આ યોજનાનો ઉદ્દેશ્ય ભૂજલના સ્તરને વધારવાનો અને વરસાદના પાણીનો અધિકતમ ઉપયોગ કરવાનો છે.

⇒ આ કાર્યક્રમ 104 દિવસ સુધી ચાલશે અને નવા ચેકડેમ તથા તળાવોના નિર્માણનું કાર્ય કરાશે.

## (*) ભારત ગૌરવ ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેન.

⇒ ભારતીય રેલવેએ દિલ્હીના સફદરજંગ રેલવે સ્ટેશનથી ભારત ગૌરવ ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેન 'શ્રી રામ-જાનકી યાત્રા: અયોધ્યાથી જનકપુર' ની શરૂઆત કરી.

⇒ આ ટ્રેન ઉત્તરપ્રદેશના અયોધ્યા અને નેપાલના જનકપુર સુધી ચલાવાશે.

⇒ ટ્રેનની સાત દિવસીય યાત્રા દરમિયાન અયોધ્યા, નંદીગ્રામ, સીતામઢી, જનકપુર, વારાણસી, પ્રયાગરાજ માંથી પસાર થશે.

## (*) કતાર ભારત પરનો ફ્રોઝન સીફૂડ પ્રતિબંધ દૂર કર્યો.

⇒ નવે. 2022માં FIFA કપ દરમિયાન ભારતીય સીફૂડમાં વિબ્રિયો કોલેરા મળી આવતા આ પ્રતિબંધ લગાવાયો હતો.

⇒ હાલ ચિલ્ડ સીફૂડ પરનો પ્રતિબંધ શરૂ રખાયો છે.

⇒ વિબ્રિયો કોલેરા નામક બેક્ટેરિયાથી કોલેરા (ઝાડા)નું સંક્રમણ થાય છે.

---

## //// કરન્ટ ઈન શોર્ટ ///

(*) પ્રધાનમંત્રીએ રાજસ્થાનના શિરોહી ખાતે બ્રહ્માકુમારીઝ સંસ્થા અને જલશક્તિ મંત્રાલયના સંયુક્ત અભિયાન જલ જન અભિયાનનું ઉદ્ઘાટન કર્યું.

(*) યુરોપીય સંઘે ઔપચારિક રૂપથી 2035થી ગેસ, ડીઝલ કારોના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો.

(*) બેંગલુરુ દુનિયાનું બીજા નંબરનું સૌથી ધીમું ડ્રાઈવ કરવાનું શહેર.

(*) પેન્શન ધારકોની ફરિયાદના નિવારણ માટે પેન્શન અને પેન્શનધારક કલ્યાણ વિભાગ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી રાષ્ટ્રવ્યાપી પેન્શન અદાલત આયોજિત કરશે.

(*) કેન્દ્રીય ગૃહમંત્રાલયે ખાલિસ્તાન ટાઈગર ફોર્સ (KTF) અને જમ્મૂ અને કશ્મીર ગજનવી ફોર્સને આતંકી સંગઠન જાહેર કર્યા.

(*) બબ્બર ઈન્ટરનેશનલ સાથે જોડાયેલ હરવિંદર સિંહ સંધૂ (રિંદા)ને ગૃહમંત્રાલયે આતંકી જાહેર કર્યો.

# ✱ 19 ફેબ્રુઆરી 2023 ✱

## ✱ દુનિયાનો પ્રથમ ક્લાઉડ નિર્મિત ઉપગ્રહ - JANUS-1

⇒ Antaris કંપનીના એન્ડ-ટુ-એન્ડ ક્લાઉડ પ્લેટફોર્મનો ઉપયોગ કરી ડિઝાઈન કરાયેલ પ્રથમ ઉપગ્રહ, JANUS-1 સફળતાપૂર્વક લોન્ચ કરાયું.

⇒ JANUS-1 હાલ ભારતીય અંતરીક્ષ અનુસંધાન સંગઠન (ISRO) ના રોકેટ SSLV-D-2 પર લોન્ચ કરાયો.

⇒ આ ઉપગ્રહનું નિર્માણ બેંગલુરુ સ્થિત ભારતીય ફર્મ અનંત ટેકનોલોજીસે કર્યું.

## ✱ 19 ફેબ્રુઆરી - છત્રપતિ શિવાજી મહારાજ જયંતી.

⇒ મરાઠા સામ્રાજ્યના સ્થાપક શિવાજી મહારાજનો જન્મ 19 ફેબ્રુ., 1630માં શિવનેરીના કિલ્લામાં થયો હતો.

⇒ વર્ષ 1870માં મહાત્મા ફુલેએ શિવાજી જયંતી મનાવવાની શરૂઆત કરી હતી.

⇒ શિવાજી મહારાજને 1674માં રાયગઢના કિલ્લામાં તાજ પહેરાવી છત્રપતિની ઉપાધી અપાઈ હતી.

⇒ શિવાજીના પિતા શાહજી ભોંસલે મરાઠા સેનાપતિ હતા.

## ✱ પશ્ચિમઘાટમાં ભમરાની નવી પ્રજાતિ જોવા મળી.

⇒ ન્યૂઝિલેન્ડ સ્થિત જર્નલ ઝૂટાક્સામાં પ્રકાશિત એક પેપર અનુસાર ભમરાની નવી પ્રજાતિ 'ઓમોર્ગસ ખાનદેશ' ભારતના પશ્ચિમઘાટમાંથી મળી આવી.

⇒ ટ્રોગિડે પરિવાર સંબંધિત આ પ્રજાતિ ફોરેંસિક વિજ્ઞાનમાં જાનવર અથવા મનુષ્યના મૃત્યુનો સમય મેળવવામાં મદદરૂપ થાય છે.

⇒ ઓમોર્ગસખાનદેશ નેક્રોફેગસ છે જે કેરાટિન ભમરાથી પણ ઓળખાય છે.

⇒ આ ભમરાની શોધ ડૉ. કલાવટે કરતા તેઓ આ નવી પ્રજાતિ શોધનાર પ્રથમ મહિલા બન્યા.

G GPSC

(*) ગ્લોબલ લેબર રેઝિલિયન્સ ઈન્ડેક્સ - 2023.

=> ધ વ્હાઈટ શીલ્ડ દ્વારા આ ઈન્ડેક્સ જાહેર કરવામાં આવ્યો.

=> આ ઈન્ડેક્સ અર્થવ્યવસ્થાની રોજગાર ક્ષમતાના ઉતાર-ચઢાવનો સામનો કરવાની ક્ષમતા દર્શાવે છે.

=> ઈન્ડેક્સમાં ડેનમાર્ક પ્રથમ સ્થાને, સ્વિટ્ઝરલેન્ડ બીજા અને જર્મની ત્રીજા સ્થાને છે.

=> ભારત 65માં અને પાકિસ્તાન 97માં સ્થાને છે.

(*) સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની 'સમુદ્ર સ્તર વૃદ્ધિ' પરની બેઠક.

=> UNSC એ પ્રથમવાર આ બાબતે 'સી લેવલ રાઈઝ: ઈમ્પ્લીકેશન્સ ફોર ઈન્ટરનેશનલ પીસ એન્ડ સિક્યોરીટી' વિષય પર ચર્ચાનું આયોજન કર્યું.

=> વિશ્વ મૌસમ વિજ્ઞાન સંગઠન અનુસાર સમુદ્ર સ્તરમાં વૃદ્ધિનો દર 1993ની સાપેક્ષે બમણો છે. 2020માં 10 મીમી (0.4 ઈંચ)ની વૃદ્ધિ સાથે 2022માં આ વૃદ્ધિએ નવો રેકોર્ડ સ્થાપીત કર્યો.

=> WMO નું મુખ્યાલય - જિનીવા, સ્વિટ્ઝરલેન્ડ

=> WMO ના અધ્યક્ષ - ગેરહાર્ડ એડ્રિયન

=> WMO ના મહાસચિવ - પેટેરી તાલસ.

---

## |||| કરન્ટ ઈન શોર્ટ ||||

(*) ભારતના વિદેશમંત્રી એસ. જયશંકરે ફિજીની રાજધાની સુવામાં ઈન્ડિયા હાઉસ ખાતે સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ કર્યું.

(*) પંજાબમાં પ્રથમવાર રાજ્ય સ્તરીય કીગા મેળાનું આયોજન થયું.

(*) મહાન ભારતીય ફૂટબોલર તુલસીદાસ બલરામનું નિધન.

(*) રાષ્ટ્રીય ખનિજ વિકાસ નિગમ (NMDC) એ નવી દિલ્હીમાં આયોજિત 9માં 'ગવર્નન્સ નાવ PSU એવોર્ડ્સ'માં પાંચ પુરસ્કાર મેળવ્યા.

(*) આર્થિક સહયોગ અને વિકાસ સંગઠન (OECD) માં વ્યાપાર પ્રતિબંધ સૂચકાંક (STRI) માં ભારત 47માં સ્થાને.

(*) વિશ્વ બેંકના અધ્યક્ષ ડેવિડ મલપાસે રાજીનામું આપવાની જાહેરાત કરી.

GPSC

## (*) ૨૦ ફેબ્રુઆરી - 2023 (*)

### (*) બીવીઆર સુબ્રમણ્યમ - નીતિ આયોગના નવા CEO.

⇒ કેન્દ્ર સરકારે બીવીઆર સુબ્રમણ્યમને નીતિ આયોગના CEO નિયુક્ત કર્યા.

⇒ અયમંબી પરમેસ્વરન ઐયર કાર્યકારી નિર્દેશક તરીકે વિશ્વબેંકમાં જતાં સુબ્રમણ્યમની આ નિમણૂંક કરવામાં આવી.

⇒ સુબ્રમણ્યમ 1987 બેચના છત્તીસગઢ કેડરના IAS છે અને તેઓ આંતરિક સુરક્ષા બાબતના વિશેષજ્ઞ છે.

### (*) સૈન્ય અભ્યાસ - DUSTLINK.

⇒ ભારત અને ઉઝબેકિસ્તાનની સેના વચ્ચે મિલિટ્રી-ટૂ-મિલિટ્રી એક્સચેન્જ કાર્યક્રમ દ્વિવાર્ષિક પ્રશિક્ષણ અભ્યાસ DUSTLINK-2023ની ચોથી આવૃત્તિ ઉત્તરાખંડના પિથૌરાગઢમાં શરૂ કરવામાં આવી.

⇒ આ અભ્યાસમાં 14મી બટાલિયન, 'ગઢવાલ રાઈફલ્સ' ભારતીય સેનાનું પ્રતિનિધિત્વ કરશે.

⇒ ઉઝબેકિસ્તાનની રાજધાની - તાશકંદ.
રાષ્ટ્રપતિ - શવકત મિર્ઝિયોયેવ.

### (*) ભારતમાં અંગદાન 15,000ને પાર થયું.

⇒ ભારતે વર્ષ 2022માં માત્ર એક વર્ષ દરમિયાન 15,000થી વધુનું અંગદાન કર્યું. (Organ Transplant)

⇒ રાજ્ય સચિવ રાજેશ ભૂષણે, આયોજિત રાષ્ટ્રીય અંગ પ્રત્યારોપણ સંગઠન વૈજ્ઞાનિક સંવાદ દરમિયાન આ જાહેરાત કરી.

⇒ છેલ્લા એક વર્ષમાં પ્રત્યારોપણની સંખ્યામાં 27% નો વધારો થયેલો જોવા મળ્યો.

⇒ Covid બાદ અંગદાનમાં સૌથી મોટો વધારો વર્ષ 2022માં જોવા મળ્યો.

### (*) 18મી વિશ્વ સુરક્ષા કોંગ્રેસ - જયપુર ખાતે આયોજિત થઈ.

⇒ ઈન્ટરનેશનલ યુનિયન ઓફ રેલવે (UIC) અને રેલવે સુરક્ષા દળ દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે.

⇒ થીમ - રેલવે સિક્યોરિટીઝ સ્ટ્રેટજી: રિસ્પોન્સેસ એન્ડ વિઝન ફોર ફ્યૂચર.

⇒ રેલવે તકનીકીમાં સહયોગ માટે વિવિધ રેલવે સંગઠનોને આ કાર્યક્રમમાં એક મંચ પર લાવવામાં આવશે.

⇒ UIC નું વડુમથક - પેરિસ, ફ્રાંસ

GPSC

(*) શિવ સૃષ્ટિ થીમ પાર્ક- પુણે.

⇒ ગૃહ મંત્રી અમિત શાહે શિવ જયંતી નિમિત્તે પુણે, મહારાષ્ટ્ર ખાતે 'શિવ સૃષ્ટિ થીમ પાર્ક'ના પ્રથમ ચરણનું ઉદ્ઘાટન કર્યું.

⇒ આ પાર્ક છત્રપતિ શિવાજી મહારાજના જીવન પર આધારિત છે.

⇒ સંપૂર્ણ પાર્કના નિર્માણ બાદ કોઈ ઐતિહાસિક વિષય પર બનેલું આ એશિયાનું સૌથી મોટું થીમ પાર્ક હશે.

(*) હ્વાસોંગ-15 મિસાઈલ- ઉત્તર કોરિયા.

⇒ ઉત્તર કોરિયાએ હ્વાસોંગ-15 ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ (ICBM)નું સફળ પરિક્ષણ કર્યું.

⇒ આ મિસાઈલ જાપાનના પશ્ચિમી તટના સમુદ્રમાં છોડવામાં આવી.

⇒ આ મિસાઈલ ઉ. કોરિયાથી સંયુક્ત રાજ્ય અમેરિકા સુધી પહોંચી શકતી બેલેસ્ટિક મિસાઈલ છે.

⇒ UNSC (સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ) દ્વારા ઉત્તર કોરિયાના મિસાઈલ અને પરમાણુ હથિયાર કાર્યક્રમો પર પ્રતિબંધ લગાવાયો છે.

* *

//// કરન્ટ ઈન શોર્ટ ////

(*) સંયુક્ત રાજ્ય અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને અચાનક કીવની મુલાકાત લીધી.

(*) ઈંગ્લેન્ડના ટેસ્ટ કેપ્ટન બેન સ્ટોક્સે 90 ટેસ્ટમાં 109 સિક્સ મારી પૂર્વ ક્રિકેટર બ્રેન્ડન મેકુલમ (107 સિક્સ)નો રેકોર્ડ તોડ્યો.

(*) કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ સૂરતના હજીરા બંદરથી સાગર પરિક્રમાનું અનાવરણ કર્યું છે જે માછીમારો અને તે ક્ષેત્ર સાથે જોડાયેલાઓની સમસ્યાઓના નિવારણ માટેનું એક મેથ છે.

(*) ટોલીવુડ અભિનેતા અને રાજનેતા નંદમુરી તારક રત્નનું બેંગલુરુમાં નિધન થયું.

(*) સિરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (SII)એ સંક્રમિત રોગો અને મહામારીથી લડવાની તૈયારી કરવા માટે હૈદરાબાદ ખાતે ડૉ. સાઈરસ પૂનાવાલા સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપનાની શરૂઆત કરી. સિરમના CEO- અદાર પૂનાવાલા.

# ⊛ 21 ફેબ્રુઆરી - 2023 ⊛

## ⊛ 16મો લોકગાયક હેમુ ગઢવી એવોર્ડ-2022.

⇒ 16મો લોકગાયક હેમુ ગઢવી એવોર્ડ જૂનાગઢના મઘરવાડાના કવિશ્રી લાખણશી ગઢવીને અપાશે.
⇒ આ એવોર્ડ સૌરાષ્ટ્ર યુનિ.ના ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા મોરારિબાપુના હસ્તે અપાશે.
⇒ લાખણશી ગઢવીએ કારકિર્દીની શરૂઆત નિરંજન પંડ્યાના સ્ટેજ પરથી કરી હતી અને આકાશવાણી રાજકોટના લોકવાર્તા પરથી બી-હાઈગ્રેડ બિરૂદ મેળવ્યું હતું.
⇒ 'નટવર સતસઈ' નામે સાતસો દુહાનો ગ્રંથ અને 'પરમેશ્વરી પચ્ચીસી' જેવા પુસ્તકો તેમની દેન છે.
⇒ તેમની 'નવલાખ લોબડીયાળિયું ભળિયું આઢિયું મઝડે રાસ રમે' રચના ખૂબ જ પ્રચલિત છે.

## ⊛ સંયુક્ત સૈન્ય અભ્યાસ - મોસી II (રશિયા-ચીન-દ. આફ્રિકા)

⇒ દક્ષિણ આફ્રિકાએ હિંદ મહાસાગરમાં રશિયા અને ચીન સાથે સંયુક્ત નૌ સૈન્ય અભ્યાસ 'મોસી - II' શરૂ કર્યો.
⇒ આ અભ્યાસમાં દ. આફ્રિકાના સશસ્ત્ર દળના 350 સભ્યો ભાગ લેશે.
⇒ ચીન, દ. આફ્રિકાનો ટોચનો દ્વિપક્ષીય વ્યાપારિક સાથીદાર છે.
⇒ દ. આફ્રિકાની રાજધાની - કેપટાઉન, પ્રિટોરિયા, બ્લોમફોન્ટેન.

## ⊛ મિઝોરમ અને અરૂણાચલ પ્રદેશ સ્થાપના દિવસ - 20 ફેબ્રુઆરી.

⇒ અરૂણાચલ પ્રદેશ ભારતનું 24મું રાજ્ય બન્યુ હતું. (1987)
⇒ અરૂણાચલ પ્રદેશને ઉગતા સૂર્યની ભૂમિ તરીકે પણ ઓળખવામાં આવે છે.
⇒ મિઝોરમને 1972માં પૂર્વોત્તર ક્ષેત્ર (પુનર્ગઠન) અધિનિયમ, 1971 હેઠળ કેન્દ્ર શાસિત પ્રદેશ ઘોષિત કરવામાં આવ્યું હતુ.
⇒ મિઝોરમ, ભારતીય બંધારણના 1986ના 53માં સુધારાથી 23મું રાજ્ય બન્યું હતું.

GPSC

**(*) નેશનલ જ્યોગ્રાફિક - પિક્ચર્સ ઓફ ધ યર.**

⇒ ભારતીય મૂળના ફોટોગ્રાફર કાર્તિક સુબ્રમણ્યમને નેશનલ જ્યોગ્રાફીની 'ફોટો ઓફ ધ યર' 2023ની સ્પર્ધામાં ટોચનું સ્થાન મળ્યું.

⇒ તેમણે વૃક્ષની ડાળ પર બેસવા માટે સંઘર્ષ કરી રહેલા એક બાજ પક્ષીની તસવીર માટે આ એવોર્ડ અપાયો.

⇒ 'ડાંસ ઓફ ધ ઈગલ્સ' શીર્ષકવાળી આ તસવીર અલાસ્કામાં ચિલકટ બાલ્ડ ઈગલ રિઝર્વમાં લેવામાં આવી હતી.

**(*) આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ - 21 ફેબ્રુઆરી.**

⇒ ભાષા અને સંસ્કૃતિમાં વિવિધતા બાબતે જાગૃતતા લાવવા અને વિવિધ ભાષાઓને માન્યતા આપવા દર વર્ષે આ દિવસ મનાવાય છે.

⇒ વર્ષ 2002માં સંયુક્ત રાષ્ટ્રના પ્રસ્તાવને માન્યતા આપ્યા બાદ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ તેને ઉજવવાની શરૂઆત કરી.

⇒ આ દિવસ ઉજવવાનો વિચાર બાંગ્લાદેશ દ્વારા અપાયો હતો.

⇒ વર્ષ 2023 ની થીમ - 'મલ્ટીલિંગુઅલ એજ્યુકેશન - અ નેસેસિટી ટુ ટ્રાન્સફોર્મ એજ્યુકેશન'
(બહુભાષી શિક્ષણ - શિક્ષણમાં પરિવર્તન લાવવાની આવશ્યકતા).

---

## //// કરન્ટ ઈન શોર્ટ ////

(*) પાસપોર્ટ માટે પોલીસ વેરિફિકેશન પ્રક્રિયામાં ઝડપ લાવવા માટે ગૃહ/વિદેશ મંત્રાલયે 'એમપાસપોર્ટ પોલીસ એપ' જાહેર કરી.

(*) આયુષ્યમાન ખુરાના બાલ અધિકારો માટે UNICEFના રાષ્ટ્રીય રાજદૂત પસંદ થયા.

(*) કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે નવી દિલ્હીમાં 'ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ સપ્લાઈ ચેન ઈકોસિસ્ટમમાં સેમીકોનઈન્ડિયા સંમેલન'નું ઉદ્ઘાટન કર્યું.

(*) સૌરાષ્ટ્રે બીજી વાર ઈડન ગાર્ડન, કોલકાતા ખાતે પશ્ચિમ બંગાળને હરાવી રણજી ટ્રોફી-2023 જીતી. સૌરાષ્ટ્રના કેપ્ટન ઉનાદકટને મેન ઓફ ધ મેચ (10 વિકેટ) અને અર્પિત વાસવદાને પ્લેયર ઓફ ધ રણજી સિઝન-2023 પસંદ કરાયા.

# (*) 22 ફેબ્રુઆરી - 2023 (*)

## (*) સ્પીડ ટેસ્ટ ગ્લોબલ ઈન્ડેક્સ.

⇒ ઓક્લાના ગ્લોબલ સ્પીડ ટેસ્ટ ઈન્ડેક્સમાં ભારત 10 ક્રમ આગળ આવી સમગ્ર વિશ્વમાં મોબાઈલ ઈન્ટરનેટ ઝડપમાં 69માં ક્રમે.

⇒ રિપોર્ટ અનુસાર ભારતની સામાન્ય મોબાઈલ ડાઉનલોડ ઝડપ 29.85 MBPS સુધી પહોંચી, જ્યારે અપલોડ સ્પીડ 31 મિલીસેકન્ડના ઘટાડા સાથે 6.16 MbPS.

⇒ 234.55 MbPSની ઝડપની સાથે સિંગાપુર સૌથી વધુ ઝડપી ઈન્ટરનેટ ધરાવે છે.

## (*) શિક્ષણ - અધ્યાપન સામગ્રી - 'જાદુઈ પિટારા'

⇒ કેન્દ્રીય શિક્ષા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને નવી દિલ્લી ખાતે બાળકોના પ્રારંભિક શિક્ષણ માટેની સામગ્રી 'જાદુઈ પિટારા' સ્વરૂપે શરૂ કરી.

⇒ આ સામગ્રીમાં પ્લેબુક્સ, એક્ટિવિટી બુક્સ, ફ્લેશ કાર્ડ્સ, વાર્તાઓના સંગ્રહ દર્શાવતા પોસ્ટર, ગેમ્સ, પઝલ્સ, જેવી બાબતો સમાવિષ્ટ છે.

## (*) BAFTA એવોર્ડ્સ - 2023

⇒ 76મો બ્રિટિશ એકેડેમી ફિલ્મ એવોર્ડ્સ, BAFTA (બ્રિટિશ એકેડેમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન આર્ટ્સ)ની જાહેરાત કરવામાં આવી.

⇒ આ કાર્યક્રમની મેજબાની અભિનેતા રિચર્ડ ઈગ્રાંટ અને એલિસન હેમંડે કરી હતી.

⇒ સર્વશ્રેષ્ઠ ફિલ્મ - ઓલ ક્વાઈટ ઓન ધ વેસ્ટર્ન ફ્રંટ.

⇒ શ્રેષ્ઠ અભિનેત્રી - કેટ બ્લેંચેટ, 'ટાર' માટે.

⇒ શ્રેષ્ઠ અભિનેતા - ઓસ્ટિન બટલર, 'એલ્વિસ' માટે

⇒ શ્રેષ્ઠ કાસ્ટિંગ - એલ્વી

⇒ શ્રેષ્ઠ નિર્દેશક - ઓલ ક્વાઈટ ઓન ધ વેસ્ટર્ન ફ્રંટ માટે એડવર્ડ બર્જરને.

⇒ શ્રેષ્ઠ સિનેમેટોગ્રાફી - 'ઓલ ક્વાઈટ ઓન ધ વેસ્ટર્ન ફ્રંટ

⇒ શ્રેષ્ઠ ડાક્યુમેન્ટ્રી - ડેનિયલ રોહર નિર્દેશિત - 'નવલની'

⇒ શ્રેષ્ઠ લઘુફિલ્મ - એન આયરિશ ગુડબાય.

⇒ BAFTA - 1949થી આયોજિત થાય છે જેની સ્થાપના 1947માં બ્રિટિશ ફિલ્મ એકાદમી તરીકે થઈ હતી.

⇒ 2023ની મેજબાની લંડનના રોયલ ફેસ્ટિવલ હોલમાં કરવામાં આવી હતી.

## (*) ઑપરેશન 'કનક-2'

⇒ CBI દ્વારા પંજાબના 50 જેટલા સ્થળોએ ભારતીય ખાદ્ય નિગમ, FCI ના અધિકારીઓ અને ચોખાના મિલ માલિકોને ત્યાં 'ઓપરેશન કનક-2' અંતર્ગત તપાસ શરૂ કરી.

⇒ તપાસ દરમિયાન અનેક દસ્તાવેજો અને ડિજિટલ ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા.

⇒ આ સમગ્ર તપાસ FCI માં થઈ રહેલ ભ્રષ્ટાચારના નિવારણ માટે હાથ ધરવામાં આવી રહી છે.

## (*) રશિયાની પરમાણુ સંધિ - START. (સ્ટ્રેટેજિક આર્મ્સ રિડક્શન ટ્રીટી)

⇒ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતીને રશિયાની નવી START પરમાણુ સંધિને સમાપ્ત કરી.

→ આ સમાપ્તિનું મુખ્ય કારણ સંયુક્ત રાજ્ય અમેરિકા સાથેની સૈન્ય સમજૂતી છે.

⇒ આ સંધિ રશિયા અને અમેરિકા વચ્ચે આક્રમક શસ્ત્રોની ઉણપ ઉપાયો બાબતે 2011માં લાગુ કરવામાં આવી હતી.

---*---*---*---

## (*) કરન્ટ ઈન શોર્ટ (*)

(*) ઘઉંના વાવેતરને તાપમાનની વૃદ્ધિની અસરો પર દેખરેખ રાખવા માટે કેન્દ્ર સરકારે સમિતિની રચના કરી.

(*) ફિલિપ્સ ડોમેસ્ટિક એપ્લાયન્સિસે વિશ્વ સ્તરે તેનું નામ બદલીને 'વર્સુની' કર્યું.

(*) ગુજરાતના 19માં રાજ્યપાલ (2014-2019) ઓમ પ્રકાશ કોહલીનું નિધન થયું.

(*) નિતિન ગડકરીએ મહારાષ્ટ્રના નાગપુર ખાતે વિશ્વના સૌથી મોટા દિવ્યાંગ પાર્ક 'અનુભૂતિ સમાવેશી પાર્ક'નો શિલાન્યાસ કર્યો.

(*) ભારતની તિલોત્તમા સેને મિસ્રના કાહિરાના ISSF વિશ્વ કપમાં મહિલાઓની 10 મીટર એર રાઈફલમાં કાંસ્ય મેડલ મેળવ્યો.

(*) ભારતીય શિક્ષણ મંત્રાલયે 'ડિજિટલ વિશ્વવિદ્યાલય' સ્થાપિત કરવાની ઘોષણા કરી.

Crack GPSC

# (*) 23 ફેબ્રુઆરી - 2023 (*)

## (*) સિએટલ - જાતિગત ભેદભાવ પર પ્રતિબંધ લગાવનાર પ્રથમ અમેરિકી શહેર બન્યું.

⇒ જાતિ આધારિત થતા ભેદભાવને સ્પષ્ટ રૂપે પ્રતિબંધિત કરનાર સંયુક્ત રાજ્ય અમેરિકાનું પ્રથમ શહેર - સિએટલ બન્યું.

⇒ સંયુક્ત રાજ્ય અમેરિકાની રાજધાની વૉશિંગ્ટન ખાતે મળેલ નગર પરિષદમાં ભેદભાવ - વિરોધી કાયદામાં જાતિને જોડવામાં લેવા બાબતે મતદાન કરાયું.

⇒ વર્ષ 2016માં થયેલા સર્વેક્ષણ મુજબ અમેરિકામાં ચારમાંથી એક દલિત મૌખિક કે શારીરિક ભેદભાવનો તથા ત્રણમાંથી એક કામમાં ભેદભાવનો સામનો કરી રહ્યા છે.

## (*) ગરમ વાતાવરણમાં પણ સક્ષમ ઘઉં ICARએ વિકસિત કર્યા.

⟹ ICAR (ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચર રિસર્ચ) દ્વારા ગરમ વાતાવરણમાં પણ ઉગવા માટે સક્ષમ એવી ઘઉંની નવી જાત વિકસિત કરી.

⟹ ICAR એ 'ગ્રાઈડ્સ વર્નાલાઈઝેશન રિક્વાયરમેન્ટ' ધરાવતી ઘઉંની આ જાત વિકસાવી જેને ખૂબ જ ઊંચા તાપમાને જ ઉગાડી શકાય છે.

## (*) દિલ્લીમાં ઓલા, ઉબેર, રેપિડો બાઈક ટેક્સી સેવા પર પ્રતિબંધ.

⇒ દિલ્લી સરકારે ઓલા, રેપિડો અને ઉબેર જેવી સર્વિસમાં ઉપયોગમાં લેવાતી બાઈકને ટેક્સી તરીકે વાપરવા પર પ્રતિબંધ મૂક્યો.

⇒ વ્યક્તિ તેના ખાનગી વાહનને ટેક્સી તરીકે ઉપયોગ કરવા પર પ્રતિબંધ મોટર વાહન અધિનિયમ - 1988માં દર્શાવવામાં આવ્યો છે. જો આમ છતા તેનું ઉલ્લંઘન એ સજાને પાત્ર છે.

⇒ આ આદેશના ઉલ્લંઘન પર રૂ.5000નો દંડ તથા ત્રીજી વખતના ઉલ્લંઘન પર રૂ.10,000નો દંડ અને જેલની સજાની જોગવાઈ છે.

## (*) માઉન્ટ એવરેસ્ટ પર - હવામાન સ્ટેશનનું પુનઃનિર્માણ.

⇒ પર્વતારોહકો અને વૈજ્ઞાનિકોની ટીમે માઉન્ટ એવરેસ્ટ પર 8810 મીટરની ઊંચાઈએ હવામાન સ્ટેશનનું પુનઃનિર્માણ કર્યું.

⇒ આ પ્રકારનું સ્ટેશન 8000 મીટર પર આવેલું પ્રથમ ઊંચું સ્ટેશન છે. જેના નિર્માણનું નેતૃત્વ બિબ્લા મિસ્ત્રી અને પર્વતીય ગાઈડ તેનજિંગ ગ્યાલજેન શેરપા કરી રહ્યા છે.

**(*) તાજ મહોત્સવ-2023 (7 થી 14 ફેબ્રુઆરી)**

⇒ આગ્રા ખાતે ઉત્તર પ્રદેશ રાજ્યના ઉચ્ચ શિક્ષા મંત્રી યોગેન્દ્ર ઉપાધ્યાય દ્વારા વર્ષ 2023ના તાજ મહોત્સવની શરૂઆત કરવામાં આવી.

⇒ આ આયોજનમાં જમ્મૂ અને કશ્મીર, પ.બંગાળ, બિહાર, હિમાચલ પ્રદેશ સહિતના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 300 કારીગરો ભાગ લેશે.

⇒ તાજ મહોત્સવ 2023ની થીમ - 'વિશ્વ બંધુત્વ'.

**(*) ભૂટાનના પ્રથમ ડિજિટલ નાગરિક.**

⇒ ભૂટાનના રોયલ હાઈનેસ ધ ગ્યાલસી (પ્રિંસ) જિગ્મે નામગ્યાલ વાંગચૂક ભૂટાન નેશનલ ડિજિટલ આઈડેન્ટીટી (NDI) મોબાઈલ વૉલેટ સાથે જોડાનાર દેશના પ્રથમ નાગરિક બન્યા.

⇒ ભૂટાન NDI નાગરિકોને તેમની વ્યક્તિગત માહિતીની ગોપનીયતા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે યોગ્ય ક્રેડેન્શિયલ પ્રદાન કરવા માટે આધુનિક ટેકનીકનો ઉપયોગ કરે છે.

---

## |||| કરન્ટ ઈવન્ટ શોર્ટ ||||

(*) કેન્દ્રીય મંત્રીમંડળે ભારત અને ગુયાના વચ્ચે હવાઈ સેવા સમજૂતી પર હસ્તાક્ષર કરતાં ભારત 110 દેશો સાથે હવાઈ સેવા ધરાવતો દેશ બન્યો.

(*) દક્ષિણ કોરિયાની સિયોલ ઉચ્ચ ન્યાયાલયે દેશમાં પ્રથમવાર સમલૈંગિકોના અધિકારને માન્યતા આપી.

(*) ભારતીય રેલવે લખનઉ થી ભારતની ગૌરવ પર્યટન ટ્રેન સાથે ગુરુકૃપા યાત્રા શરૂ કરશે. જે પવિત્ર તીર્થ ધામો જે શીખ ધર્મના છે તેનો સમાવેશ કરશે.

(*) ઑસ્ટ્રેલિયાઈ સરકારે ભારતનાં સાંસ્કૃતિક ઉદ્યોગ સાથે કામ કરવા માટે 'સાંસ્કૃતિક મૈત્રી' સમજૂતી કરાર કર્યા.

(*) બૉક્સિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયાએ દિમિત્રી દિમિત્રુકને નવા વિદેશી કોચ (ભારતીય બોક્સિંગ ટીમના) નિયુક્ત કર્યા.

(*) ISSF વિશ્વકપ 2023માં રૂદ્રાક્ષ પાટિલે 10મીટર એર રાઈફલમાં ગોલ્ડ મેડલ મેળવ્યો.

Crack GPSC

## ✱ 24 ફેબ્રુઆરી - 2023 ✱

## ✱ ChatGPT- સંચાલિત વ્હોટ્સએપ ચેટબોટ.

⇒ ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયની ભાશિની (ભાષા ઈન્ટરફેસ ફોર ઈન્ડિયા) ભારતીય ખેડૂતોને વિવિધ સરકારી યોજનાઓ વિશે જાણવામાં મદદ કરવા માટે ChatGPT સંચાલિત Whatsapp ચેટબોટ પર કામ કરી રહ્યું છે.

⇒ ભાશિની એ ભારતનું AI આધારિત ભાષા અનુવાદ પ્લેટફોર્મ છે.

⇒ આ ચેટબોટથી ઉપયોગ કર્તા વોઈસ નોટ્સ મોકલી પોતાના પ્રશ્નો મોકલી શકશે. અને તે માટે વિવિધ 12 ભાષાઓમાં તેને ઉપલબ્ધ કરાવવામાં આવશે.

⇒ ChatGPTની સૌથી મોટી સમસ્યા તેના જવાબની ચોકસાઈ છે. કેમ કે તે સંપૂર્ણ ઈન્ટરનેટ આધારિત ચોકકસ જવાબ આપવા માટે સક્ષમ નથી.

⇒ ChatGPTનો અર્થ - જનરેટિવ-પ્રી-ટ્રેન ટ્રાન્સફોર્મર.

## ✱ ઉપસભાપતિ બાબતે જાહેરહિતની અરજી.

⇒ સર્વોચ્ચ અદાલતે એક જાહેરહિતની અરજી પર કેન્દ્ર સરકાર પાસે જવાબ માંગ્યો છે જેમાં 2019 થી 17મી લોકસભામાં ઉપાધ્યક્ષ માટે ચૂંટણી ન કરવાની બાબતને બંધારણીય ઉલ્લંઘન દર્શાવવામાં આવ્યું છે.

⇒ આ ઉપરાંત રાજસ્થાન, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને ઝારખંડ રાજ્યોની વિધાનસભામાં પણ ઉપાધ્યક્ષનું પદ ખાલી છે.

⇒ અનુચ્છેદ -93 અંતર્ગત સ્પીકર અને ડે. સ્પીકરના પદની (લોકસભા) જોગવાઈ છે. જ્યારે અનુચ્છેદ-178માં રાજ્યની વિધાનસભામાં સ્પીકર અને ડે. સ્પીકરની જોગવાઈ છે.

⇒ નિષ્ણાંતોના મતે કલમ 93 અને 178માં Shall શબ્દનો ઉપયોગ સ્પીકર અને ડે. સ્પીકરની ચૂંટણી ફરજિયાત છે. જ્યારે સરકારની દલીલ છે કે ડે. સ્પીકર વગર પણ ગૃહમાં બિલ પસાર થાય છે અને ચર્ચા થાય છે.

⇒ અનુ. 122 હેઠળ કોર્ટ સંસદની કાર્યવાહીમાં દખલ કરી શકતી નથી પરંતુ નિષ્ણાંતોના મતે કોર્ટ ડે. સ્પીકરના ખાલી પદને તપાસવા બાબતે આટલામાં આટલું અધિકારક્ષેત્ર ધરાવે છે.

**(*) બારિસૂ કન્નડ દિમ દિમાવા ઉત્સવ.**

⇒ પ્રધાનમંત્રી મોદીએ નવી દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં 'બારિસૂ કન્નડ દિમ દિમાવા' સાંસ્કૃતિક કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું.

⇒ આ ઉત્સવ કર્ણાટકની સંસ્કૃતિ, પરંપરા અને ઈતિહાસને પ્રદર્શિત કરવા માટે આયોજિત કરવામાં આવે છે.

⇒ ઉત્સવમાં નૃત્ય, સંગીત, નાટક, કવિતા જેવી વિરાસતો પ્રદર્શિત કરાશે.

**(*) Central Excise Day - (ઉત્પાદન શુલ્ક દિવસ) - 24 ફેબ્રુઆરી.**

⇒ કેન્દ્રીય ઉત્પાદન અને સીમા શુલ્ક બોર્ડ (CBEC) ની સેવાને સન્માનિત કરવા માટે આ દિવસ દર વર્ષે મનાવાય છે.

⇒ આ દિવસ 1944માં કેન્દ્રીય ઉત્પાદન શુલ્ક અને નમક અધિનિયમ કાયદો લાગાવવાના ઉપલક્ષ્યમાં મનાવાય છે.

⇒ સીમા શુલ્ક, GST, કેન્દ્રીય ઉત્પાદન શુલ્ક, સેવા કર, નારકોટિક્સને ભારતમાં અપ્રત્યક્ષ કર અને સીમા શુલ્ક બોર્ડ દ્વારા સંચાલિત કરવામાં આવે છે.

**(*) શિંદે જૂથ અને શિવસેના.**

⇒ ચૂંટણી પંચે મહારાષ્ટ્રના CM એકનાથ શિંદેના નેતૃત્વ વાળા જૂથને શિવસેનાનું નામ અને પક્ષનું પ્રતિક ફાળવ્યું.

⇒ ચૂંટણીપંચના આદેશ મુજબ પાર્ટીનું નામ 'શિવસેના' અને પક્ષનું ચિહ્ન 'ધનુષબાણ' એકનાથ શિંદે ગ્રૂપ પાસે જ રહેશે.

⇒ ઉદ્ધવ ઠાકરે અને શિંદે ગ્રૂપે આ ચિહ્ન પર કરેલા દાવાઓમાં ચૂંટણીપંચે પોતાનો અંતિમ ચુકાદો આપ્યો.

---

## //// કરન્ટ ઈન શૉર્ટ ////

(*) 2024ની ચૂંટણીને લઈને કોંગ્રેસનું 85મું અધિવેશન છત્તીસગઢની રાજધાની રાયપુર ખાતે મળશે.

(*) ચંદ્ર, ગુરુ અને શુક્ર ક્રાંતિવૃત્તમાં એક ઊભી રેખામાં દેખાયાની ખગોળિય ઘટના જોવા મળી.

(*) કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા બી.એસ. યેદિયુરપ્પાએ રાજકારણમાંથી નિવૃત્તિ જાહેર કરી.

(*) ગુજરાતના પાટણ ખાતે લેન્ગ્વેજ લેબોરેટરી શરૂ કરવામાં આવી.

(*) એક ભારત શ્રેષ્ઠ ભારત હેઠળ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે IIT ગાંધીનગર ખાતે 'યુવા સંગમ' કાર્યક્રમ આયોજિત કર્યો.

(*) આણંદ કૃષિ યુનિ. દ્વારા પંજીકરણ થયેલ 'ડગરી' ગાયની નવી પ્રજાતિને રાષ્ટ્રીય પશુ આનુવંશિક સંસાધન બ્યુરોએ માન્યતા આપી.

## ✱ 25 ફેબ્રુઆરી- 2023 ✱

### ✱ રશિયા FATF ની સદસ્યતામાંથી બહાર.

⇒ ગ્લોબલ એન્ટી મની લોન્ડ્રિંગ વોચડોગ ફાયનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) એ યુક્રેન સાથેના યુદ્ધને લઈને રશિયાની સદસ્યતા રદ કરી.

⇒ રશિયા, FATF નો ઉદ્દેશ્ય સુરક્ષા અને વૈશ્વિક નાણાકીય પ્રણાલીની અખંડિતતાનો અસ્વીકાર કરી રહ્યાનું કારણ આપી તેને દૂર કર્યું.

⇒ FATF એ દક્ષિણ આફ્રિકાને તેના 'ગ્રે લિસ્ટ'માં સામેલ કર્યું.

⇒ FATF નું મુખ્યાલય- પેરિસ ફ્રાંસ તથા અધ્યક્ષ- ટી રાજકુમાર.

### ✱ ઝોંગશિંગ- 26 સંચાર ઉપગ્રહ.

⇒ ચીની 333 અમેરિકી ડોલરના ખર્ચ સાથે સંચાર ઉપગ્રહ ઝોંગશીંગ-26 લોન્ચ કર્યો.

⇒ આ ઉપગ્રહ લોંગ માર્ચ-3B રોકેટથી લોન્ચ કરવામાં આવ્યો.

⇒ ઉપગ્રહનો મુખ્ય ઉદ્દેશ્ય વિમાન અને જહાજ યાત્રીઓને બ્રોડબેન્ડ કનેક્ટિવીટી આપવાનો છે.

⇒ 100GPS થી વધુની ગતિ આપતો આ ચીનનો પ્રથમ ઉપગ્રહ છે ચાઇના એકેડેમી ઓફ સ્પેસ ટેકનોલોજી દ્વારા લોન્ચ કરાયો.

### ✱ RBI એ 5 સહકારી બેંકો પર પ્રતિબંધ લગાવ્યો.

→ HCBL સહકારી બેંક - લખનઉ
→ આદર્શ મહિલા નગરી સહકારી બેંક, ઔરંગાબાદ
→ શિમશા સહકારી બેંક નિયમિથા, મદ્દુર
→ ઉરાવકોંડા કો- ઓપરેટિવ ટાઉન બેંક, ઉરાવકોંડા
→ શંકરરાવ મોહિતે પાટિલ સહકારી બેંક- અકલુજ.

### ✱ HCA એવોર્ડ્સ- સર્વશ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય પુરસ્કાર.

⇒ એસ. એસ. રાજામૌલી નિર્દેશિત RRR ને 6ઠ્ઠો હોલીવુડ ક્રિટિક્સ એસોસિએશન (HCA) ફિલ્મ એવોર્ડ અપાયા.

⇒ એ એવોર્ડ સેરેમની લોસ એન્જલસ, USA ખાતે આયોજિત કરાયો હતો.

⇒ એવોર્ડમાં ગીત 'નાટૂ નાટૂ' સર્વશ્રેષ્ઠ ગીત જાહેર થયું.

* ઈલોરા - અજંતા - આંતરરાષ્ટ્રીય મહોત્સવ.

⇒ મહારાષ્ટ્ર ખાતે ત્રણ દિવસીય ઈલોરા - અજંતા આંતરરાષ્ટ્રીય મહોત્સવ ઔરંગાબાદમાં શરૂ કરાયો.

⇒ આ ઉત્સવ સાંસ્કૃતિક વિરાસત અને વિવિધતાનો ઉત્સવ છે.

⇒ આ ઉત્સવમાં શાસ્ત્રીય ગાયક પદ્મભૂષણ રાશિદ ખાન, શંકર મહાદેવન, તબલાવાદક વિજય ઘાટે, બાંસુરીવાદક પંડિત રાકેશ ચૌરસિયા પ્રસ્તુતિ આપશે.

* MSU - Y20 ઈન્ડિયા શિખર સંમેલનની મેજબાની કરશે.

⇒ વડોદરાની MS યુનિવર્સિટી બે દિવસીય યુથ-20 ઈન્ડિયા શિખર સંમેલનની મેજબાની કરશે. તથા જલવાયુ પરિવર્તન અને પર્યાવરણ સંરક્ષણ પર ચર્ચા કરશે.

⇒ 62 દેશોના 600 પ્રતિનિધિઓ 'ક્લાયમેટ ચેન્જ એન્ડ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન: મેકિંગ સસ્ટેનેબિલિટી અ વે ઓફ લાઈફ' પર ચર્ચા કરશે.

⇒ કાર્યક્રમનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કરશે.

---

## //// કરન્ટ ઈન શોર્ટ ////

* 25 ફેબ્રુઆરી - વિનાયક દામોદર સાવરકરની પુણ્યતિથિ

* ભારત આબુધાબીમાં આયોજિત I2U2 બિઝનેસ ફોરમ AIMHC માં સામેલ થયું.

* લે. જનરલ આર એસ રીન ડાયરેક્ટર જનરલ ક્વોલિટી એશ્યોરન્સ પદ પર નિયુક્ત.

* પ્રધાનમંત્રી મોદીએ નવી દિલ્હી ખાતે જર્મન ચાન્સેલર ઓલાફ શોલ્ઝ સાથે મુલાકાત કરી.

* સુએઝ સફાઈ માટે રોબોટિક મેનહોલનો ઉપયોગ કરનાર કેરળ દેશનું પ્રથમ રાજ્ય બન્યું.

* મહારાષ્ટ્રના ઔરંગાબાદ અને ઉસ્માનાબાદનું નામ બદલીને અનુક્રમે છત્રપતિ સંભાજીનગર અને ધારાશિવ રાખવાનો પ્રસ્તાવ કેન્દ્ર સરકારે મંજૂર કર્યો.

# ✱ 26 ફેબ્રુઆરી- 2023 ✱

## ✱ કોલ જનજાતિ મહાકુંભ.

⇒ અમિત શાહે મધ્યપ્રદેશના સતનામાં શબરી માતા જન્મ જયંતી પર આયોજિત કોલ જનજાતિ મહાકુંભને સંબોધન કર્યું.

⇒ આ સાથે તેમણે 507 કરોડના 70 વિકાસ કાર્યોનો શિલાન્યાસ પણ કર્યો.

⇒ કોલ જનજાતિ મુખ્યત્વે ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશના બુંદેલખંડ અને બઘેલખંડ વિસ્તારમાં વસવાટ કરે છે

## ✱ ભરતી પ્રક્રિયામાં પેપર લીક બાબતે ગુજરાત વિધાનસભાએ કાયદો રચ્યો.

⇒ ગુજરાત વિધાનસભાએ સરકારી ભરતીમાં થતા પેપર લીકને રોકવા માટે વર્ષની જેલની જોગવાઈ કરતું વિધેયક પસાર કર્યું.

⇒ વિધેયક અનુસાર આરોપીને 10 લાખ સુધીનો દંડ કરાશે જેને 1 કરોડ સુધી વધારી શકાશે.

⇒ ગુજરાત સાર્વજનિક પરીક્ષા (અનુચિત બાબતો) વિધેયક, 2023 રાજ્યગૃહમંત્રી હર્ષ સંઘવીએ ~~રજૂ~~ રજૂ કર્યું હતું.

## ✱ સુંદરવન બર્ડ ફેસ્ટિવલ.

⇒ સુંદરવન ટાઈગર રિઝર્વ અને પશ્ચિમ બંગાળ વન વિભાગ આયોજિત પ્રથમ સુંદરવન બર્ડ ફેસ્ટિવલ દરમિયાન વન્યજીવ ઉત્સાહીઓ અને વન અધિકારીઓએ 145 જેટલા પક્ષીઓની પ્રજાતિ નિહાળી.

⇒ સુંદરવનમાં 76 વનપક્ષીઓ, 12 રેપ્ટર્સ, 42 વાડર, 6 વોટરફાઉલ અને 7 અન્ય પ્રજાતિઓ જોવા મળે છે.

## ✱ દેશનું પ્રથમ સ્વચાલિત વાહન ચકાસણી કેન્દ્ર.

⇒ સુરતના કામરેજ તાલુકાના વલથાણ ખાતે દેશના પ્રથમ સ્વચાલિત વાહન ચકાસણી કેન્દ્રનો આરંભ કરાયો.

⇒ રાજ્ય સરકારના સહયોગથી BND એનર્જી એ બનાવેલ આ કેન્દ્ર વાહનોની ઝડપી અને સચોટ રીતે ચકાસણી કરે છે.

⇒ BND કંપની આગામી સમયમાં ગુજરાતમાં 20 જેટલા વાહન ચકાસણી કેન્દ્રો શરૂ કરશે.

## * વૈશ્વિક પ્લાસ્ટિક સમજૂતી.

⇒ નૈરોબી (કેન્યા) ખાતે આયોજિત પાંચમી સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ એસેમ્બલી (UNEA) માં સંયુક્ત રાષ્ટ્રના 175 સભ્ય દેશોએ સહમતી દર્શાવી.

⇒ 2024 સુધીમાં પ્લાસ્ટિક પ્રદૂષણ સમાપ્ત કરવાનો લક્ષ્ય 2022માં ઉરુગ્વે ખાતેની બેઠકમાં નક્કી કરાયો હતો.

⇒ 5mm કે તેનાથી નાના પ્લાસ્ટિકને માઈક્રોબીડ્સ કહેવાય છે જેનું નિર્માણ પોલીથીન, પોલીપ્રોપીલીન, પોલીથીલિન ટેરેફથેલેટ અને નાયલોનથી થાય છે.

⇒ સુપ્રીમ કોર્ટ અનુસાર હાલ આપણે પ્લાસ્ટિક બોમ્બ પર બેઠા છીએ. CPCB ના રિપોર્ટ મુજબ, ભારત દર વર્ષે 56 લાખ ટન પ્લાસ્ટિક કચરાનું ઉત્પાદન કરે છે. જેમાં દિલ્હી એકલું 689.5 ટન ઉત્પાદન કરે છે.

⇒ પ્લાસ્ટિક ભૂમિ, જળ અને વાયુ પ્રદૂષણ સાથે સાથે તેમાં ઉપલબ્ધ રસાયણોથી મગજની સમસ્યા, કેન્સર, જન્મજાત વિકૃતિ, આનુવંશિક પરિવર્તન, થાઈરોઈડ, પાચનતંત્રના રોગ, ડાયાબિટિસ તથા સ્થૂળતા માટે જવાબદાર બને છે.

## //// કરન્ટ ઈન શોર્ટ ////

* પેન્સિલ શાર્પનર પરનો GST 18% થી ઘટાડી 12% કરાયો.
* APEDA એ GCC દેશોમાં બાજરીના નિકાસને પ્રોત્સાહન આપવા લુલુ હાયપરમાર્કેટ સાથે સમજૂતી કરી.
* બેંગલુરુ ખાતે લામ સેમીકોન ઈન્ડિયા ફ્યુચર ડીઝાઈન રોડ શોનું આયોજન કરાયું.
* IREDA વિદેશી ચલણમાં રીન્યુએબલ એનર્જી પ્રોજેક્ટમાં ધિરાણ આપવા માટે ગુજરાતમાં ગીફ્ટસિટી - ગાંધીનગર ખાતે ઓફિસ સ્થાપશે.
* પોરબંદરના શિક્ષિકા હીરાબેન બેરાને આંતરરાષ્ટ્રીય એજ્યુકેશનલ એવોર્ડ એનાયત કરાયો.
* ટાટાગ્રુપે મહિલા પ્રીમિયર લીગની પાંચ સિઝનના ટાઈટલ સ્પોન્સરશીપના અધિકારો મેળવ્યા.

# ⊛ 27 ફેબ્રુઆરી-2023 ⊛

## ⊛ 27 ફેબ્રુઆરી - વિશ્વ NGO દિવસ.

⇒ લોકો બિન સરકારી સંગઠનો (NGO) બાબતે સક્રિય થવા તથા NGO ને પ્રોત્સાહિત કરવા માટે આ દિવસ મનાવાય છે.

⇒ આ દિવસ સૌ પ્રથમવાર 2011માં 'ટુગેધર વી મેક અ ડિફરન્સ' થીમ સાથે મનાવાયો હતો.

⇒ વર્ષ 2023ની થીમ - 'ધ રાઇટ એન્ડ ઇન્ફ્લ્યુએન્સ ઓફ NGO ઈન એડવાન્સિંગ હ્યુમન રાઈટ્સ'.

## ⊛ 14મો રાષ્ટ્રીય સંસ્કૃતિ મહોત્સવ.

⇒ 25 ફેબ્રુઆરીના રોજ રાજસ્થાનના બીકાનેર ખાતે 14મો રાષ્ટ્રીય સંસ્કૃતિ મહોત્સવ શરૂ કરાયો.

⇒ કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય આયોજિત આ કાર્યક્રમમાં વિવિધ રાજ્યોના કલાકારોને પરંપરાગત કલાકૃતિઓ દર્શાવવાનો મોકો અપાશે.

⇒ આ આયોજન દરમિયાન રાજસ્થાનના રાજ્યપાલ કલરાજ મિશ્ર અને કેન્દ્રીય સંસ્કૃતિ રાજ્ય મંત્રી અર્જુન રામ મેઘવાલે શિલ્પ મેળાનું ઉદ્ઘાટન કર્યું.

## ⊛ સંત સેવાલાલ મહારાજ જયંતી.

⇒ બંજારા સમુદાયના આધ્યાત્મિક નેતા અને સંત સેવાલાલ મહારાજની 284મી જયંતી 26-27 ફેબ્રુ. એ સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર દ્વારા મનાવાશે.

⇒ સંત સેવાલાલનો જન્મ 15 ફેબ્રુઆરી, 1739ના રોજ કર્ણાટકના સુરગોંડનકોપ્પામાં થયો હતો.

⇒ બંજારા શબ્દ 'વનજ' શબ્દનો બનેલો છે જેનો અર્થ વ્યાપાર અર્થે યાત્રા કરવો થાય છે.

⇒ બંજારા અલગ-અલગ પ્રદેશમાં અલગ-અલગ નામે ઓળખાય છે, જેમ કે આંધ્રમાં લંબાડી, કર્ણાટકમાં લંબાણી, રાજસ્થાનમાં ગ્વાર કે ગ્વારૈયા.

## [*] કેઝર્ટ ફ્લેગ VIII અભ્યાસ.

⇒ ભારતીય વાયુસેના સંયુક્ત આરબ અમીરાતમાં કેઝર્ટ ફ્લેગ VIII અભ્યાસમાં ભાગ લેશે.
⇒ આ અભ્યાસમાં પ્રથમવાર લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) તેજસ ભારત બહાર આંતરરાષ્ટ્રીય અભ્યાસમાં ભાગ લેશે.
⇒ આ અભ્યાસનો ઉદ્દેશ્ય વિવિધ લડાયક કાર્યક્રમમાં ભાગ લેવાનો અને વિવિધ વાયુસેનાના સર્વોત્તમ અભ્યાસોમાંથી શિખવાનો છે.

## [*] બાયોએશિયા શિખર સંમેલન - 2023 નું 20 મું સંસ્કરણ પૂર્ણ થયું.

⇒ એશિયાના સૌથી મોટા લાઈફ સાયન્સિઝ અને હેલ્થકેર કન્વેન્શન, બાયોએશિયાની 20 મી આવૃત્તિ 26 ફેબ્રુઆરી, 2023 હૈદરાબાદ ખાતે સંપન્ન થયો.
⇒ શિખર સંમેલન-2023 નું ઉદ્ઘાટન કેટી રામારાવ, ઉદ્યોગ અને વાણિજ્ય અને આઈટી મંત્રી, તેલંગાણા સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું.
⇒ 2023 ની થીમ - 'એડવાન્સિંગ ફોર વન: શેપિંગ ધ નેક્સ્ટ જનરેશન ઓફ હ્યુમનાઈઝ્ડ હેલ્થકેર'.

---

## |||| કરન્ટ ઈન શોર્ટ ||||

[*] એકેડેમી ઓફ મોશન પિક્ચર્સ આર્ટ્સ એન્ડ સાયન્સિઝ ના પૂર્વ અધ્યક્ષ, વાલ્ટર મિરિશ નું નિધન થયું.

[*] ભારતીય ગ્રીક-રોમન પહેલવાન અંકિત ગુલિયા એ એલેક્ઝાન્ડ્રિયામાં ઈબ્રાહિમ મુસ્તફાએ 72 કિગ્રામાં કાંસ્ય મેડલ મળ્યો.

[*] ડેનમાર્કના ક્રાઉન પ્રિંસ ફ્રેડરિક એન્ડ્રે હેનરિક ક્રિશ્ચિયન અને ક્રાઉન પ્રિંસેસ, મેરી એલિઝાબેથ ચાર દિવસીય ભારતની યાત્રાએ.

[*] ભારતની G20 ની અધ્યક્ષતા હેઠળ W-20 (મહિલા-20) ની બેઠક, સંભાજીનગર, મહારાષ્ટ્રમાં આયોજિત કરાઈ.

[*] કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે ઈમ્ફાલ, મણિપુરમાં 'આંતરરાષ્ટ્રીય બાયોટેક કોન્ક્લેવ' ઉદ્ઘાટન કર્યું. જેની થીમ - 'રીઈમૈજિન, ઈથનોફાર્માકોલોજી: ગ્લોબલાઈઝેશન ઓફ ટ્રેડિશનલ મેડિસીન'

[*] આસામ ખાતે પ્રથમ 'ચિંતન શિવિર' આયોજિત કરાઈ.

[*] મહિસાગરના સંતરામપુર ખાતે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આયુષ મેળાની શરૂઆત કરવામાં આવી.

# * २४ ફેબ્રુઆરી - 2023 *

## * ભારતનું પશુધન.

⇒ ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR) એ પશુ જાતિ નોંધણી પ્રમાણપત્ર વિતરણ સમારોહનું આયોજન કર્યું. જેનો ઉદ્દેશ્ય ભારતમાં સ્થાનિક પશુધનની જાતિઓને ઓળખવાનો છે.

⇒ ભારતના પશુધનક્ષેત્રે २०१४-१५ થી २०२०-२१ દરમિયાન 7.9% ના દરે વૃદ્ધિ જોવા મળી. પશુધન એ માત્ર આર્થિક રીતે નફાકારક અને પરિવારો માટે આવક અને ખોરાકનો સ્ત્રોત નથી, પરંતુ ગ્રામીણ પરિવારોને રોજગાર પણ પૂરું પાડે છે. અને ખેડૂતોને પશુધનના પ્રમાણમાં સામાજિક સ્થિતિ પર નિશ્ચિત કરે છે.

⇒ તાજેતરમાં ICAR એ 10 નવી પશુધનની નોંધણી કરી. જેનાથી દેશી જાતિઓની કુલ સંખ્યા - 212 થઈ. આ 10 પ્રજાતિઓ આ મુજબની છે.

- કથની ઢોર (મહારાષ્ટ્ર)
- સાંચોરી ઢોર (રાજસ્થાન)
- મસીલમ પશુ (મેઘાલય)
- પુરનાથડી ભેંસ (મહારાષ્ટ્ર)
- સોજત બકરી (રાજસ્થાન)
- કરૌલી બકરી (રાજસ્થાન)
- ગુજરી બકરી (રાજસ્થાન)
- બંદા પિગ (ઝારખંડ)
- મણિપુર બ્લેક પિગ (મણિપુર)
- વાક ચંબિલ પિગ (મેઘાલય)

⇒ પશુધન ક્ષેત્રની સરકારી યોજનાઓ :-

① પશુપાલન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ (AHIDF) :-

→ કેન્દ્ર સરકાર લોન લેનારને 3% વ્યાજ સહાયતા અને લોનના २५% ક્રેડિટ ગેરંટી આપે.

② નેશનલ લાઈવસ્ટોક મિશન (NLM) :-

→ મરઘાં, ઘેટાં, બકરી, ડુક્કરમાં જાતિ સુધારણા અને રોગ નિયંત્રણ.

③ LH & DC યોજના :-

→ રસીકરણ દ્વારા આર્થિક મહત્ત્વ ધરાવતા પ્રાણીઓમાં રોગ નિયંત્રણ

④ NADCP (નેશનલ એનિમલ ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ) :-

→ પગ અને મોઢાના રોગ અને બ્રુસેલોસિસ સામે પશુઓમાં માદા બોવાઈન વાછરડાને બ્રુસેલોસિસનું રસીકરણ.

## ☒ પાણીમાં અંદર ઉત્પન્ન થતા ધ્વનિ ઉત્સર્જન બાબત.

⇒ 'ભારતીય જળસીમામાં જહાજો દ્વારા જનરેટેડ પાણીની અંદરના અવાજના સ્તરનું માપન' શિર્ષકવાળા અભ્યાસ અનુસાર ભારતીય જળસીમામાં જહાજોમાંથી પાણીની અંદર અવાજ ઉત્સર્જનમાં વધારો દરિયાઈ ઈકોસિસ્ટમ માટે જોખમી છે.

⇒ ગોવા કોસ્ટ લાઈનથી 30 નોટિકલ માઈલના અંતરે હાઈડ્રોફોન ઓર્ગેનિઝમ સિસ્ટમ ગોઠવીને આસપાસના અવાજનું સ્તર માપવામાં આવ્યું હતું.

⇒ ભારતીય જળમાં આ ધ્વનિનું દબાણ એક માઈક્રોપાસ્કલની તુલનામાં 102-115 ડેસિબલ છે. અને આ માટે વિજ્ઞાનીઓ 1 μPa નો ઉપયોગ કરશે પાણીની અંદર અવાજ માટે દબાણ તરીકે

⇒ આ ધ્વનિ ઉત્સર્જનમાં વધારો એ સતત થતી શિપિંગ પ્રવૃત્તિઓને મુખ્ય પાસું ગણવામાં આવે છે જે સસ્તન પાણીઓ જેવા કે બોટલનોઝ ડોલ્ફિન, મેનેટીઝ, પાયલોટ વ્હેલ, સીલના જીવનને જોખમમાં મુકે છે.

## ☒ વિશેષ રાજ્યના દરજ્જા બાબત.

→ તાજેતરમાં કેન્દ્રીય નાણામંત્રીના અહેવાલ અનુસાર કેન્દ્ર કોઈપણ રાજ્ય માટે 'વિશેષ રાજ્ય દરજ્જા'ની માંગ પર વિચાર કરશે નહિ. કેમકે, 14 માં નાણાપંચની ભલામણ અનુસાર વિશેષ દરજ્જો આપી શકાય નહિ. દા.ત.

→ આ બાબતથી ઘણાં સમયથી વિશેષ રાજ્યનો દરજ્જો ઈચ્છતા ઓડિશા, બિહાર, આંધ્રપ્રદેશની માંગ પર રોક લાગશે.

→ વિશેષ રાજ્યનો દરજ્જો એ એવાં રાજ્યો છે જે ભૌગોલિક અને સામાજિક- આર્થિક બાબતોનો સામનો કરી રહ્યા છે. જેનો બંધારણમાં ઉલ્લેખ કરાયો નથી પરંતુ 1969 માં પાંચમા નાણાપંચની ભલામણના આધારે તે અમલ થાય છે.

→ 1969માં જમ્મુ અને કાશ્મીર, આસામ અને નાગાલેન્ડને સૌપ્રથમવાર આ દરજ્જો અપાયા બાદ - આસામ, નાગાલેન્ડ, હિમાચલ, મણિપુર, મેઘાલય, સિક્કિમ, ત્રિપુરા, અરૂણાચલ, મિઝોરમ, ઉત્તરાખંડ અને તેલંગાણા સહિત 11 રાજ્યોનો આ શ્રેણીમાં સમાવેશ કરાયો.

→ વિશેષ રાજ્યની પ્રાપ્તિ માટે ગાડગિલ સૂચનોનો આધાર લેવાય છે.

| | | |
|---|---|---|
| ૦ પહાડી વિસ્તાર<br>૦ વધુ આદિવાસી જનસંખ્યા | ૦ સરહદી વિસ્તાર<br>૦ આર્થિક રીતે પછાત | ૦ રાજ્યમાં અનિશ્ચિત કર આવક |

→ 14 મા નાણાપંચમાં રાજ્યોને ટેક્સ ડિવોલ્યૂશન વધારી 42% કરાયું અને 15 માં નાણાપંચમાં 41% સાથે શરૂ રાખી આવા રાજ્યોની આર્થિક સ્થિતિને જાળવી રાખવાનો ધ્યેય નક્કી કરાયો.

## (*) આદિ ગંગા પુનરુદ્ધાર યોજના.

→ તાજેતરમાં કોલકાતામાં વહેતી ગંગા નદીના મુખ્ય પ્રવાહ (આદિ ગંગા)ના પુનરુત્થાન માટે યોજના જાહેર કરવામાં આવી.

→ આદિ ગંગા કે 17મી સદી સુધી ગંગા નદીનો મુખ્ય પ્રવાહ હતો તે હાલ પ્રદૂષણ અને અતિક્રમણનો સામનો કરી રહી છે.

⇒ રાજ્ય પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના અહેવાલ મુજબ આ નદીમાં 100 ml પાણી દીઠ 17 મિલિયનથી વધુ ફેકલ બેક્ટેરિયા હોવાથી તેને મૃત ગણી શકાય. કારણ કે તેમાં ઓક્સિજનનું પ્રમાણ લગભગ શૂન્ય જેવા મળે છે.

⇒ NGT એ 2025 સુધીમાં પ. બંગાળ સરકારને આ નદીની સ્વચ્છતા માટેના આદેશો જાહેર કર્યા છે.

## (*) બ્લૂ ફૂડ :-

⇒ તાજેતરના અહેવાલ મુજબ જળચર વાતાવરણમાંથી મળતા ખોરાક પોષક તત્વની ઊણપને ઘટાડવામાં મદદ કરી શકે છે. અને ભારતમાં તે રોજગાર અને વિકાસના વધારામાં ફાળો આપી શકે છે.

⇒ સમુદ્રી બ્લૂ ફૂડમાં જળચર પ્રાણીઓ, છોડ, શેવાળનો સમાવેશ થાય છે.

⇒ આ જળચર ખોરાક પ્રોટીન, વિટામીન B-12 અને ઓમેગા-3 થી ભરપૂર હોય છે. જેનો ખોરાકમાં ઉપયોગ કરી શકાય.

GPSC

## (*) જેમ્સ વેબ ટેલીસ્કોપે 6 વિશાળ આકાશગંગાઓની શોધ કરી.

→ તાજેતરમાં જેમ્સ વેબ ટેલીસ્કોપે શોધેલ આ આકાશગંગાઓ બિગ બેંગની ઘટના પછી લગભગ 500-700 મિલિયન વર્ષ બાદ રચાયેલી ઘટના છે.

⇒ શોધકર્તાઓએ ટેલીસ્કોપના કોસ્મિક ઈવોલ્યુશન અર્લી રીલીઝ સાયન્સ પ્રોગ્રામનો ઉપયોગ કરી આ આકાશગંગા (તારાવિશ્વ)ની શોધ કરી.

⇒ જેમ્સ વેબ ટેલીસ્કોપ એ NASA અને યુરોપિયન સ્પેસ એજન્સી (ESA) અને કેનેડિયન સ્પેસ એજન્સી વચ્ચેના સહયોગનું પરિણામ છે જેને 2021માં લોન્ચ કરાયું હતું.

⇒ આ ટેલીસ્કોપ પૃથ્વીની ભ્રમણકક્ષાથી 1.5 મિલિયન કિમી દૂર સૂર્ય-અર્થ L2 લાગ્રાન્જ બિંદુ પર છે.

→ L2 એ એવું બિંદુ છે જ્યાં બે પૃથ્વીના ગુરુત્વાકર્ષણબળો સંકેન્દ્રિત થાય છે.

⊛ **HIV મુક્ત થનાર વિશ્વની ત્રીજી વ્યક્તિ.**

⇒ જર્મનીના એક વૃદ્ધ દર્દી ડસેલડોર્ફ પેશન્ટ, HIV (હ્યુમન ઇમ્યુનોડેફિસિયન્સી વાયરસ)માં મુક્ત થનાર ત્રીજી વ્યક્તિ બન્યા.

⇒ આ સફળતા ચોક્કસ HIV-પ્રતિરોધક આનુવંશિક પરિવર્તન દર્શાવતા વ્યક્તિઓમાંથી અસ્થિમજ્જા પ્રત્યારોપણ દ્વારા પ્રાપ્ત કરવામાં આવી.

⇒ અગાઉ ૨૦૦૮માં બર્લિન અને ૨૦૧૯માં લંડનની વ્યક્તિમાં પણ આ પ્રકાર CCR5-ડેલ્ટા-32 નામક આનુવંશિક પરિવર્તનથી આ પ્રકારની સફળતા મેળવવામાં આવી હતી.

**• CCR5-ડેલ્ટા 32 પરિવર્તન •**

→ સિસ્ટીન-સિસ્ટીન કેમોકિન રીસેપ્ટર-5 (CCR5) એ વાયરસ અને સેલ-ટુ-સેલ સ્પ્રેડમાં સામેલ મુખ્ય HIV કો-રિસેપ્ટર છે.

→ HIV તેમના આ રીસેપ્ટર્સ દ્વારા CD4 કોશિકાઓમાં પ્રવેશે છે અને CCR5-ડેલ્ટા 32 મ્યુટેશન દ્વારા તેને અવરોધી કોષોને વધતા અટકાવે છે.

⇒ HIV → હ્યુમન ઇમ્યુનોડેફિસિયન્સી વાયરસ
AIDS → એક્વાયર્ડ ઇમ્યુનોડેફિસિએન્સી સિન્ડ્રોમ.

---

**//// કરન્ટ ઇન શોર્ટ ////**

⊛ નીતાબેન પારેખને ઝવેરચંદ મેઘાણી પુરસ્કારથી સન્માનિત કરાયા.

⊛ ગ્રીન હાઈડ્રોજન-ગ્રીન એમોનિયા ઉત્પાદન માટે ગુજરાત સરકારે ઓકિઓર એનર્જી ઇન્ડિયા પ્રા. લિમિટેડ સાથે કરાર કર્યા.

⊛ નડિયાદની ટ્વિંકલ આચાર્યએ 'પ્રણામ ગર્ભ પિંડાસના' આસનમાં ત્રીજીવાર વિશ્વરેકોર્ડ બનાવ્યો.

⊛ ગુજરાત રાજ્ય પોસ્ટલ વિભાગે 'બચત બસંત મહોત્સવ'નું આયોજન કર્યું.

⊛ 22મા કાયદાપંચની મુદત 31 ઓગસ્ટ, ૨૦૨૪ સુધી લંબાવાઈ.

⊛ દિલ્લી મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા ભારતની પ્રથમ વર્ચ્યુઅલ શોપિંગ એપ- મોમેન્ટ ૨.૦ લોન્ચ કરી.

⊛ ભારતના નવા DCGI (ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ) તરીકે રાજીવસિંહ રઘુવંશીની નિયુક્તિ કરવામાં આવી.



કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ
2021 - 22 ની પરીક્ષાઓમાં
કરન્ટ અફેર્સ
PSI
100 %
બિન
સચિવાલય
100 %
Dy. SO
48 માંથી
44 પ્રશ્નો
સિનિયર કલર્ક
100 %
ATDO
100 %
GPSC
ક્લાસ 1, 2
2023
54
પ્રશ્નો
સીધા Crack GPSC માંથી જ
સરકારી નોકરીની તૈયારી કરવા આજે જ ડાઉનલોડ કરો.
સ્પર્ધાત્મક પરીક્ષા ક્ષેત્રે
5,00,000+
યુઝર્સ ધરાવતી ગુજરાતની પ્રથમ એપ
7600051070
ગુજરાતની No. 1 એપ
CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - Dy. SO / મામલતદાર
બિનસચિવાલય કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ
RFO | TAT | TET | HTAT

12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...

## અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં

લાખો વિદ્યાર્થીઓએ વખાણી

Quality એટલે

Crack GPSC

## ઘરે બેઠાં તૈયારી કરો, મોબાઈલ કે ટેબ્લેટ પરથી

કલાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




YouTube /Crack GPSC

આ એપ ડાઉનલોડ કરી ફ્રી ડેમો વિડિયો જુઓ, આપને ખરેખર લાગશે કે કોઈ ક્લાસ કરવાની જરૂર જ નથી.

## એક એપ, બધી પરીક્ષાઓ

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, કલાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

## કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

## ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

76000 51070

Crack G GPSC

ક્રેક GPSC